श्री वितरागाय नमः

श्री

ભાવ પ્રકાશ જૈન ગાયન સંગ્રહ

ભાગ ૧ લો.

—:(૦):—

છપાવી પ્રસિદ્ધ કરનાર

સા. મોહનલાલ માહાસુખરાંમ.

શ્રી ભાવવિજયજી જૈન સભા.

ઘાંચીની પોળ—અમદાવાદ.

—:(૦):—

દોહરો.

શ્રાવક બંધુ સાંભળો, મનમાં આણી ધીર;
પુસ્તક આ પ્રેમે રચ્યું, વાંચો વહાલા વીર.

અમદાવાદ

"શ્રી શારદા પ્રીન્ટિંગ પ્રેસ" ઘાંચીની પોળમાં
શા. ડાહ્યાભાઇ હરીલાલ દીવાસળીવાળાએ
છાપી.

પ્રથમ આવૃત્તિ—પ્રત ૧૫૦૦.

સંવત ૧૯૬૬. સને ૧૯૧૦.

—(૦)—

કીંમત ફક્ત અઢી આના.

શ્રી વિતરાગાય નમઃ

શ્રી

ભાવ પ્રકાશ જૈન ગાયન સંગ્રહ

ભાગ ૧ લો.

—:(૦):—

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી ભાવવિજયજી જૈન સભા,

ઘાંચીની પોળ—અમદાવાદ.

—:(૦):—

દોહરો.

શ્રાવક બંધુ સાંભળો, મનમાં આણી ધીર;
પુસ્તક આ પ્રેમે રચ્યું, વાંચો વહાલા વીર.

અમદાવાદ
"શ્રી સારદા પ્રીન્ટિંગ પ્રેસ" ઘાંચીની પોળમાં
શા. મણીઆભાઇ હરીલાલ દીવાસળીવાળાએ
છાપી.

પ્રથમ આવૃતિ—પ્રત ૧૫૦૦.

સંવત ૧૯૬૬. સને ૧૯૧૦.

—(૦)—

કીંમત ફક્ત અઢી આના.

અર્પણ પત્રિકા.

રા. રા. મહેરબાન શેઠજી સાહેબ,

રચણ રાજનગર—અમદાવાદ.

મહાશય,

આપ જૈન ધર્મમાં અતિ શ્રદ્ધાવંત, ઉદાર, ગંભીર, વિવેકી છો અને જ્ઞાનની વૃદ્ધિ અંતઃકરણથી ઇચ્છી જૈન ગ્રંથકારોના ગુણની ગણના કરી યોગ્ય આશ્રય આપવાને માટે અહોનિશ અગ્રેસર રહો છો, શાસનની ઉન્નત્તિ કરવાને તન મન અને ધનવડે મદદ કરવાને પશ્ચાત પડતા નથી, તેમ આપ ધર્મમાં અત્યંત પ્રીતિભાવ રાખો છો. દયાળુ, ગુણવાન, સુશીલ અને જૈન માર્ગમાં અતિ ઉત્સાહ ધરાવો છો વિગેરે અને ગુણોથી ગુણાનુરાગી થઇ આ સભા પોતાનો પ્રથમ પ્રયાસ આપનેજ અર્પણ કરે છે તે સ્વીકાર કરશોજી.

લી. શ્રી ભાવવિજયજી જૈન સભા

ઘાંચીની પોળ—અમદાવાદ.

ઉપોદ્ઘાત.

પ્રિય વાંચક, આ ચોપડી ખરીદ કરવાની અમુલ્ય તક ગુમાવવી તે ભુલ ભરેલું છે.

પ્રિય વાંચક વર્ગને વિનંતી કરવામાં આવે છે કે આ લઘુ પણ અતિ રમણીય પુસ્તક કેવળજ્ઞાન ભાસ્કર શ્રી જિનેશ્વર ભગવાનના ગુણોથી ગુંથેલું છે, તેની રચના આધુનિક લોકપ્રિય રાગોમાં કરી છે કારણ કે આધુનિક જમાનાના માણસો ફક્ત નાટક જોવામાં નિમગ્ન રહે છે. પણ પ્રાચીન ગ્રંથકર્તા મહાન પુરૂષોની ચમત્કૃતી ભરેલી કૃતિઓ અને રાગ રાગણીના સ્તવનોથી જે અનુભવ અને આનંદ પ્રાપ્ત થાય છે તેમાંનો લેશમાત્ર આનંદ આધુનિક ગાયનોથી થતો નથી પરંતુ દિલગીર?

હાલમાં શ્રી જિનેશ્વર ભગવાનની સ્તુતીની નાટકના રાગમાં રચેલી ચોપડીઓ એકથી વધારે બહાર પડેલી છે તેમ છતાં આ સભા એક સુંદર ચોપડી ગાયનો, સ્તવનો વિગરેથી ભરપુર બનાવવાની ઉત્કંઠા ધરાવે છે. આશા રાખવામાં આવે છે કે આ ચોપડીમાં કોઇ દ્રષ્ટિદોષ યા છાપનારની ચુકથી કંઇ પણ ભુલ રહી ગઇ હોય તો તે સુધારી વાંચવા કૃપાવંત થશો અથવા જિનાજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તેને માટે આ સભા ક્ષમા માગે છે.

દોહરો.

સકલ સંઘને હું નમું, સાંભળો સરવે જન;
ભુલ ચુક સુધારીને, વાંચો સૌ સજ્જન.

લી. શ્રી ભાવવિજયજી જૈન સભા

ધાંચીની પોળ—અમદાવાદ.

સુચના.

જ્ઞાન અમુલ્ય ધન છે માટે અમારી વીનંતિ એ છે કે આ અગર બીજી કોઈ પણ ચોપડા વાંચવા યા ભણવા માટે ઘણી સંભાળ રાખવી, ઠવણી અથવા બાજોઠ વા સાંપડા ઉપર રાખીને વાંચવું. વાંચી રહ્યા પછી ઉત્તમ સ્થાને રાખવી. થુંકનો છાંટો ઉડે નહી તેમ કરવું તેમજ કોઇ પણ જાતની આશાતના થાય તેમ કરવું નહી.

લિ૦ બહુના.

આ સભામાં જૈન પ્રકરણાદિક સંબંધી જૈન ધર્મના બાળ વિદ્યાર્થીઓને હમેશ સાંજના બોધ આપવામાં આવે છે અને શ્રી અરિહંતના ગુણ ગાઇ વિદ્યાર્થીઓ પોતાની રસના પાવન કરે છે તેથી સંતોષ માની આ સભા પુસ્તક છપાવી બધાને લાભદાયક થઇ પડે તેમ પ્રયાસ કરવા ઉત્કંઠા ધરાવે છે.

શ્રી ભાવવિજયજી જૈન સભા.

શ્રી ભાવ પ્રકાશ

જૈન ગાયન સંગ્રહ.

ભાગ ૧ લો.

શ્રી સંભવનાથાય નમઃ

મંગલાચરણ.

માલિની છંદ-રામ સ્તુતિ.

અતિ પરમ દયાળુ, દેવનો દેવ આયો;
જગ જન હિતકારી, તે પ્રભુ પાર્શ્વ ગાયો. ૧
અતિ રતિ નહિ મારી, કેમ વિસ્તાર પાવે;
ગતિ ગહન તમારી, જ્ઞાન ચક્ષુ દીપાવે. ૨
કમઠ ધરણ જેને, છે સદા તુલ્ય ભાવે;
હરી હરકત વારી, સૌ જરા મુક્ત થાવે; ૩
જીન ગુણ અતિ ગુંથી, આ રચી પુષ્પ માલા;
પ્રભુ પદકજ વંદુ, જ્ઞાન આપો વિશાળા. ૪

સંભવનાથ ભગવાન, ભાવેરે ભજો સંભવનાથ ભગવાન;
આપ કૃપાથી કામ આકુંલ્યું, રાખો અમારી લાજ; પ્રભુ.
મન સુખ સંપતિ અવિચળ આપો, આપો શુદ્ધ જ્ઞાન. પ્ર.
સુબુદ્ધિ આપોને કુબુદ્ધિ કાપો, છો તમે કૃપા નીધાન. પ્ર.

ભાવવિજય સભા અરજ કરે છે, ભવજલ પાર ઉતાર. પ્ર.

આવો સખી આવો માને મોતીડે વધાવો—એ દેશી.

આવો ભવિ આવો (પ્રભુને મોતીડે) (૨)વધાવો પ્રભુને ફુલડે વધાવો. આવો. કેશરીઆનાથની કૃપા થકી આજ;
આનંદ આનંદ થાવો, મોતીડે વધાવો પ્રભુને ફુલડે વધાવો;
શુભ દિવસ છે આજનો સારો, જય જય વિજય વિજય વિજય જય થાઓ. મોતીડે વધાવો પ્રભુને ફુલડે વધાવો.

કુથલીમાં કાળ ગયો, અનાદિથી આમ બન્યો ભાઇરે—ટેક.

તન ધન જોબન મદથી છાકી (૨) મરકટ મુળગો મુઓ.
કાળ માહારી કેડે લાગ્યો (૨) ચેતન ચેતી જુઓ.
ભગવત ભક્તિ નવીન નીતે (૨) ભાવે આદરજો. આ. કુ.

ચલ ચેતન જીન પુજન જઇએ જન્મ સફળ કરવા.
અસત્ય આ સંસાર તજી દે ભવજલથી તરવા;
ધન્ય છે વિતરાગ ધન્ય તે મહાભાગ્ય;
કર્મ કટક સંહાર્યા જેણે શિવરમણી વરવા. ચલ ચેતન,
રસિક જીન કરણી, પાર ઉતરણી;
ભાવવિજય મંડળ જીન કરણી મોક્ષે સંચરવા. ચલ ચેતન.

ઓલો વિજય વિજય એવા એવા—એ રાગ.

બોલો વિજય વિજય ભેગા થઇ જેન ધર્મનો,

જૈન ધર્મને સાચો જાણો મોક્ષ તણો હેતુ;
પાપથી મનને દુર ખસેડશે (૨) પુન્ય તે મનમાં હેલશે
રેલશે આપશે ઉદય નેક ટેકી જૈન ધર્મનો...બોલો.

સાખી.

જૈન ધર્મ સુખકાર છે, જીવડા ખચીત જાણ;
કર્મ દુર જીવ જાય છે, હોવે પદ નિરવાણ...બોલો.

ક્યાંથી આ સંભળાય મધુર સ્વર. એ રાગ.

પુષ્પ પુજા કર આજ, ભવિકજન પુષ્પ પુજા કર આજ;
પામીશ શિવપુર રાજ...ભવિકજન.
નરભવ ઉપવન ચેતન માળી, શુભ કરણી ફુલ કાજ;
ભાવે પ્રભુની પૂજા કરતાં, તરશે તારૂં ઝાઝ...ભવીક.
મોગર માલતી ચંપા ચંબેલી, જાઇ જુઇ પુન્નાગ;
કુમ કુમવરણાં જાસુદ લઇને પુજો આણી રાગ...ભવીક.
કેતકી નિર્મળ દાઉદી ડમરો, બકુલ સુગંધીદાર;
વિવિધ જાતનાં પુષ્પે પુજો, શીવસુંદરી ભરથાર...ભવીક.
કુમારપાળે પુરવ ભવમાં ફુલે પુજ્યા જીનરાજ;
પંચ કોડીઓ પોતે ખરચ્યા તેથી પામ્યા રાજ...ભવીક.
પુજા કુસુમની જે કોઇ કરશે તરશે આ સંસાર;
ભાવ મંડળી કર્મ હઠાવી, રસીક વરે શીવનાર...ભવીક.

વસીઆ મન વસીયા નશદીન હે પ્રભુ મુજ [illegible]
નેમ જુપ [illegible]

તારેને તારેને પ્રભુ તનનનનનન;
તોમ્ત તોમ્ત ઢીંડ ઢીંડ ધા ધા ધા
નમી નમી સહુ મળી ગાવો ગીત......શા...
રી, ગ, મ, પ, ધ, ની, સા.
સારીગ, રીગમ, ગમપ, મપધ, પધની, ધનીસા.
સાંરી, સારીગ રીગ રીગમ ગમ ગમપ મપમ પધ.

કાનુડા શું જાણે મોરી પ્રીત. એ રાગ.

જરી મારું જુઓ શ્રી મહાવીર, હો ત્રીશલાના જાયા.
નરક ગતીનું દુઃખ નાથ નિવારો, (૨)
જમડા ત્યાં જાણે ચીરે ચીર; ચીરે ચરરરરરરરરરર...જરી.
પશુ પંખીનો ભવ અમને ન આપો (૨)
પાપીડા મારે તાણી તીર; તાણી તરરરરરરરરરરર...જરી.
જબરૂ જોખમ કરે ચાર જોદ્ધાઓ (૨)
કાપો કુકરમી કથીર; કાપો કરરરરરરરરરર...જરી.
પ્રબળ અનળ ભવ માંહી બળું છું પ્રભુ (૨)
ઉચરૂં શું અરજી અધીર; અરજી અરરરરરરરરરર...જરી.
કેવળ પામી સ્વામી અંતરજામી પ્રભુજી (૨)
વસીયા છો સિદ્ધશિલાને શીર; વસીયા સરરરરરરરરરરર...જ.
મહાવીર મંડળ શાંવમુત કેશવને (૨)
આપ દયાના છાંટો નીર; છાંટો છરરરરરરરરર...જરી.

મહા કોપ થયો તે. એ રાગ.

આજે આજની ઘડી તે રળીઆમણી જો;

આજરા પાસજી પુજવાની વધામણી જો...મારે.
પુરા પુરાંરે સોઆરાણુ સાથીઆ જો;
મારે મંદીરે પધારો પાસ હાથીઓ જો...મારે.
હું તો માતીડાના ચોક પુરાવતી જો;
આજરા પાસજીને આંગીઆ રચાવતી જો...મારે.
હું તો ચંબેલીના થંભ રોપાવતી જો;
અજરા પાસજીને પધરાવતી જો...મારે આજની.
કહે રૂપચંદ સ્વામીનો રીડા જો;
મારા હૃદય કમલ લાગે માઠડો જો...મારે.

ચાલો ચાહેલી ભુવનેશ્વરીનાં સૌ મળીને દરશન કરીએ. એ રાગ.
ચાલો ભવિકા, ભાવ ધરીને શ્રી જીનની ભક્તિ કરવા;
લાહ્નને મારી માયા નિવારી ભારી ભવજળથી તરવા;
માહ થકી નિત્ય ધ્યાનજ ધરવા, સુંદર શીવરમણી વરવા;
કામ ક્રોધ મદ મોહ તજીને, પુન્ય પુંજ માંડો ભરવા;
મન વચન ને કાયે કરી જા, નાન અમર પદમાં ચરવા.
ચાલો ભવિકા,

ઓધવજી સંદેશો કહેજો મારા સામને. એ રાગ.
પંથીડા સંદેશો કેજો મારા નાથને,
વરધમાન જે ચોવીસમો જીનરાજ જો;
રાજ રિદ્ધિ સાત જીવા તજે જઇ રહ્યા,
ધ્યાતા નરના એહ હૃદય શિણગાર જો. પંથીડા. ૧

જે દીનથી પ્રભુ આપ ઈહાંથી સીધાવીયા,
તે દીનથી પ્રભુ જ્ઞાન અજવાળાં ઘટાયજો;
આપે જે નર રક્ષકકારક રોપ્યા હતા,
તે તો સઘળા આપ કેડે સીધાવ્યા જો; પંથીડા. ૨
કુવગને મનપરિશ્રવ હાથ નાખી ગયાં,
લઘુ ભ્રાતા તસ ઓઢીનાણું પણ જાયજો;
આયો અજ્ઞાન અંધારાને સાથે લેઇ,
પસર્યો ભરતમાં ચારે ખુણા માંહી જો, પંથીડા. ૩
આપે જે પ્રભુ ધર્મ વૃક્ષ રોપ્યા હતાં,
તે તો ખંડાખંડ માંહી વેંહેચાય જો;
દીગંબર શ્વેતાંબર આદી અનેક જો,
નીજ નીજ મતિએ ગચ્છાગચ્છ ઠરાય જો. પંથીડા. ૪
એતા પંથ છતાં પણ મન તૃપ્ત ન થયો,
તેણે ગચ્છમાં એ અવધા પંથ જગાય જો;
કહે જીનદાસ નું જાગ્યો પંથ હવી ઘણાં,
કેમ કરી પોંચ્યું આપ કને કહેવાય જો. પંથીડા. ૫

ધર્મ ધુરંધર ધીરવીર. એ રાગ.

અરજ સ્વીકારો ભવજળ તારો શ્રી સંભવ જીનરાજ;
હું દુખીયો બહુ નાથ તમે, શીવરમણીના શીરતાજ. ૧
જીતારી રાજાના નંદન, જગગુરૂ છે જગનાથ;
સેનાસુત છો કર્મ નિકંદન, કાગ નીવાર્યો નાથ. ૨
તુમ સાથે મળીઓ બહુ વખતે, ધર્મ કર્યો ન લગાર;

હું નિર્ભાગી રહ્યો રખડતો, ભટક્યું આ સંસાર. ૩
આપ સીધાવ્યા મોક્ષે, કીધું જન્મ જરાને દુર;
ભાવવિજય મંડલ ગુણ ગાવે, આપો સુખ ભરપુર. ૪

શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન.

શ્રી પાર્શ્વનાથ ભગવાન હમારા પાર્શ્વનાથ ભગવાન;
તુમ ત્રિભુવનમાં બહુ માન. પ્રભુ.
સુર સુંદર સુખ ભોગવિ આયે (૨)
શ્રી અશ્વસેન વામા દેવીકા જાયા;
નિલવર્ણ શોભે તનુ છાયા, ઇંદ્રાણી મીલીને હુલરાયા;
(ઇસ જગમેં તુમારા જેસા કોણ)
નહી તુમ સમ અવરમેં જ્ઞાન. પ્રભુ. શ્રી. ૧
મનુષ્ય જન્મ લહીને તુમેરા (૨)
દર્શન આજ અપુર્વ હી પાયા;
નિર્મલ નેત્ર ઉસીસે બનાયા, સફલ હુઇ પ્રભુ ઉત્તમ કાયા;
રસના સફલ કરણ ગુણ ગાયા.
(ભવોભવ જીન ગુણ ગાવું)
યહ દયો મુજકું વરદાન. પ્રભુ. શ્રી. ૨
પારસી મેં મંદર તુમ જાણી (૨)
વંદુ યહાં આકે શીરનામી;
હરદમ સેવા કરણુકા કામી, તુમ પદ પદ્મસરોવરે સ્વામી;
હંસ પરે હોય જન વિસરામી.
(જન્મ જન્મ જીન ધર્મ પાઉં)

શ્રી અજિતજિન સ્તવન.

પ્રિતલડી બંધાણીરે અજીત જીણંદશું,
કાંઇ પ્રભુ પાખે ક્ષણુ એકે ન સુહાય જો;
ધ્યાનની તાલીરે લાગી નેહશું,
જલદ ઘટા જિમ શિવસુત વાહન દાય જો. પ્રીત. ૧
નેહ ઘેલું મન માહારૂં રે પ્રભુ અલજે રહે;
તન મન ધન એ કારણુથી પ્રભુ મુજ જો;
મારે તો આધારરે સાહેબ રાવલો,
અંતરગતનું પ્રભુ આગલ કહું ગુજ્જ જો. પ્રીત. ૨
સાહિબ તે સાચોરે જગમાં જાણીએ,
સેવકનાં જે સહેજે સધારે કાજ જો;
એહવેરે આચરણે કિમ કરીને રહું,
બિરૂદ તુમારો તારણ તરણ જિહાજ જો. પ્રીત. ૩
તારકતા તુઝ માંહેરે શ્રવણે સાંભળી,
તે ભણી હું આવ્યો છું દીન દયાળ જો;
તુજ કરૂણાની લેહેરેરે મુજ કારજ સરે,
શું ઘણું કહીએ જાણ આગળ કૃપાળ જો. પ્રીત. ૪
કરૂણાદિક કીધીરે સેવક ઉપરે,
ભવ ભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસન્ન જો;
મનવંછિત ફળિયાંરે જીન આલંબને,
કરજોડીને મોહન કહે મન રંગ જો.

શ્રી ભાવ મંડલના વિઘ્ન સર્વે કાપ જો. પ્રીત. ૫

સજીન્દર રીમઝીમ ઝમ ઝુમ. એ રાગ.

જીનેંદર ઝીમ ઝીમ ઝુમ ઝુમ ઝનનનન,
નાદીર ધીન્ના તરકીટ ધીન્ના તદરે દાની—જીનેંદર.
ઝના ઝુમ ઝનર ઝુમ ઝનનનનનનન, ખુબ ખુબ ગાના;
રંગ મચાના, સરગમ હુરદમ ગાઇ બજાઇ, દીરદીમ દીરદીમ
દીરધા, આપાધા આપાધા આપાધા, દીર દીર દીન્ના, આપાધા
ઝુમ ઝુમ ઝમકત, પુષ્કળ ચમકત, જગ અંદર, હે
જીનવર, છો દાતા.

ગજલ—વખતના વિચિત્ર.

કોઇ દિન ટાઢ ને તડકો, કોઇ દિન ભુખનો ભડકો;
કોઇ દિન લક્ષ્મીની લહેરો, કોઇ દિન રંકનો ચહેરો.
અમીરી કોઇ દિન આવે, ફકીરી કોઇ દિન આવે;
કોઇ દિન હસ્ત જન જોડે, કોઇ દિન માન જન મોડે.
કોઇ દિન ગામમાં ફેરા, કોઇ દિન જંગલે ડેરા;
કોઇ દિન પુન્યની યારી, કોઇ દિન દુઃખની ક્યારી.
અવસ્થા સર્વ નહી સરખી, હરખજો ધર્મને પરખી;
બુદ્ધચબ્ધિ ધર્મની સેવા, હમારે શુદ્ધ એ મેવા.

આખી આશમને ઠગનારી—એ રાગ.

આણી મુરતી મોહનગારી, ચિદાનંદ મહાવીર તારી;

ચિદાનંદ મહાવીર તારી (૨) આવી મુરતી. ટેક.
રાગને મારી દ્વેષને મારી, કર્મ કટક ભવરણ સંહારી;
મુક્તિપુરી શણગારી. આવી મુરતી.
કર્મ શું કરશે, ભર્મ શું ભરશે, પ્રભુ કરૂણા કરશે તો ઠરશે
મુજથી મોહ શિકારી. આવી મુરતી.
રોગ ન આવે સોગ ન આવે, ચાર ચોરનું જોર ન ફાવે;
સાહેબ થાય જો તારી. આવી મુરતી.
પામર પાળો બિરૂદ સંભાળો, એકવાર જો સન્મુખ ભાળો;
તો થઉ લઘુ સંસારી. આવી મુરતી.
પ્રભુતા ધારી પતિત ઉધારી, ભાવ મંડલને પ્રભુ તારી;
સાંકલચંદ સુધારી. આવી મુરતી.

પિયુ સંગે રસ રંગે, એ રાગ.

ગુરૂ સંગે, રસ રંગે, રહીશું, ભણીશું ગણીશું ઉછરંગે;
ભાત ભાતના જ્ઞાન ભણીને ધ્યાને, પ્રસંગે ભણવાનો રસ
રંગે, ગુરૂ સંગે.
ભર જોબનમાં મદન મારે ઇંદ્રિ, સમદ્રષ્ટિ વશ કીધારેઉમંગે
ધર્મનાથના ધર્મ પસાયે જગ સિદ્ધિ ગુણ ગાવે જિનરાજના
ઉમંગે, ગુરૂ સંગે.

શ્રી સુમતિનાથજીનું સ્તવન.

કાયા કચો કુંભ છે જીવ મુસાફર—એ રાગ.

કુમતિ હરી સુમતિ સદા, આપો સુમતિનાથ;

ભવસાગરમાં બુડતાં, ઝાલો પ્રભુજી હાથ
જગત જંજાળમાં બહુ કાળ જીવ મુંઝાઇ રહયો;
પડયા રિપુ રાગ દ્વેષ બે કેડ હું લાચાર થયો;
વિષય કષાય પ્રમાદથી, રઝળ્યો આ સંસાર.
પામર પાળ દયાળ તું, ઉતારે ભવ પાર;
તજી સ્વસ્વભાવ આત્મ વિભાવમાં પડી દુઃખી થયો.
મુડી બધી ખોઇ બેઠો બોઇ વ્યાજમાં ડુલી ગયો;
પર પરણુતિથી પ્રાણીએ, ભજવ્યા વિધ વિધ ફંદ;
પણ કરૂણા કરી તારજ્યો, સેવક સાંકલચંદ. જગત.

ધિરી હાં ધિરી હાં બાળા ધિરીરે ધિરી—એ રાગ.

ચેતીજા ચેતીજા જીવડા ચેતીલે ચેતી, એ વખત પણ આવશે
જમડા રંજાડશે સતાવશે રીબાવશે, મસ મારીને
મનાવશે......ચેતીજા.
જે સમય પાપ પુન્યનો હિસાબ જઇ તું ત્યાં ચુકાવે,
તે વખતે કોઇ તારૂં થઇને માર મહીંથી નહીં મુકાવે,
રોવાં રીબી રડાવશે, તેથી ઝટપટ ચેતીને મુખીં;
ધર્મ ધાર સુખ આવશે......ચેતીજા૦

કામ છે દુષ્ટ વિકારી—આહા પ્રભુ. એ રાગ.

મુખડાની માયા લાગી, મહાવીર તારા મુખડાની—ટેક.
માયા મંદિરે મસ્ત બનેલો, ત્યાગી તે ઠગેલું જાગી. મ.
કુલિશ વિશેષ હું કરતો કુકર્મી, આજ જુઝયેલું વાશ્તાગી.

વ્યસન પસન નથી પરનીંદા પણ, પુરણ પ્રેમથી ત્યાગી. સ.
તરણતારણ દુઃખ નિવારણ, મુકતી લઉં મન આગી. મહા.
શાસન નાયક સ્હાય કરોજી, ભાવમંડલ પાય લાગી. સ.

અતુલ શૃંગાર છો—એ રાગ.

અમુલ્ય ઉદાર છો, વાહરે વાહરે; ભકત પાલણહાર છો,
અસાર સંસાર ખાલી કરૂં હું, આપ અમારા આધાર છો;
આપ છબી મન ઉતરી, માન્યું મારૂં મન, પાપ પડળ
દુરે હઠયો કરતાં આપ સ્તવન. વાહરે વાહરે.
જન્મ સાર્થક ભાવ આજ ગણું છું, સ્વામી સુંદર સુખકાર
છો...વાહરે વાહરે.

---

૧ હો બાળક—ભાઇ ચાલ ચાલ તું ચાલ—પ્રભુ જોવા.
ધરી ધ્યાન જરી નીહાળ—દુઃખ ખોવા.
૨ જો બાળક—જયવંતા શ્રી જીનરાજ—મુજ દાદા.
રાખો " ભાવ " ની લાજ—તું ત્રાતા.
૧ હો બાળક—સુર આપોને સાચા સાચા, હો થાપોને
ધા ધા ધા ધા
ધીડીનક ધેઇ, ધીડીનક ધેઇ, ધીડીનક ધેઇ;
૨ જો બાળક—નાચ રાચ નાચ, સુખ પાચ સાચ,
આનંદે...આનંદે...આનંદે...તું...ભાઇ ચાલ.

શ્રી સુપાર્શ્વનાથ સ્વામીનું સ્તવન.

વારી વારી જાઉં જીનરાજના દેદાર, વારી વારી જાઉં જીન.
મુખ પુનમનો ચંદ શોભે, હીરા જડેલા મુગટ બાજુ સાર.
આંગી અજબ પ્રભુ અંગ દીપે. મોગરો ગુલાબઆદિ ફુલ
અપાર. વારી.
સાતમા સુપાર્શ્વ પ્રભુ સંગ મુકી, ધ્યાન ધરે વરવા શીવનાર.
ભાવ મંડલ જીન વિનવે છે, તારો પ્રભુજી મને ભવજળ
પાર. વારી વારી જાઉં.

પ્યારો લાગે મને સારો લાગે, દરિશનમે ગંભીરોજી પ્યારો
લાગે;
સોના કેરી ઝારીયાં ને માંહે ભર્યાં પાણી, નવણ કરાવું
મેરા જીનજીકે અંગ. દ.
કેશર ચંદન ભર્યાં રે કચોરાં, પુજા કરૂં મેરા પ્રભુજીકે અંગ.
ધુપ ધ્યાન ધરા અનુહદ હે, લળી લળી શીર નમાવત હે.
ફુલ ગુલાબકી આંગી બની હે, હાર પહેરાવું મેરા
જીનજીકે અંગ. દ.
આનંદઘન પ્રભુ ચલત પંથમે, જ્યોતીસે જ્યોત મીલાવત
હે. દરિશનમે.

મિઠી મિઠી તેરી સાપણ જાને હે ઇંધુ—રાગ.
મીઠીમીઠી સંભવ મુરતી દેખી હું મીઠી. વાહ! વાહ! વાહ!
ધરીને ધ્યાન, રાખીને ભાન, નમીશ નાન;

ભલાં ભગવાન રીઝું. વાહ ! વાહ ! વાહ ! મીઠી.
મનુષ્ય જનમ જે હાથ આવ્યો મુજ, દુર્લભ તઉ તે ન
ખોઉં કદી હું જ;
ગ્રહી ખુસ આ, ધરમ ધ્વજા, ધરી કરમાં, ફરૂં સદા. રીઝું :
મીઠી.

શ્રી નવપલ્લવ પાર્શ્વનાથજીનું સ્તવન.

રાણી વિક્ટોરીયાનો બાગ, એને જોવાનો છે લાગ—એ રાગ

જીનરાજને દરબાર, ઓચ્છવ બન્યો છે ઓકાર;
એ જીવને આનંદકારી છે, નવ પલ્લવીઆજી પાસ,
તારી સુરતીથી ઉલ્લાસ; ભવિજનનો તું ઉપગારી છે. ૧
આંગી બની છે ગુલજાર, એની શોભા અપરંપાર;
દીલ બાગની એ સુંદર ક્યારી છે, શીર મુગટ સોહે સાર;
કાને કુંડળ બે ઓકાર, પ્રભુ ક્ષમા ભંડારી કૃપાકારી છે. ૨
ગુણ અનંતા અનંત, પરમાનંદ જ્ઞાનવંત;
એવા શ્રી ભગવંત સુખકારી છે;
એને કરો નમસ્કાર, પાય પડો વારંવાર;
એ મુક્તિ તણા દાતારી છે. ૩
હું રઝળ્યો સંસાર, મરણ કીધાં અપરંપાર;
તારૂં શરણ સદા સુખકારી છે, દયા કરો જિનાનાથ,
ઝાલો સેવકનો હાથ, સિદ્ધિ સુખ સદાનંદકારી છે. ૪

પરમ કૃપાળુ પ્રભુ—એ રાગ.

પરમ પવિત્ર પ્રભુ, દાતા ત્રાતા હે પાર્શ્વનાથ;
શરણું નીભાવો તાત, સુખ આપો ને જગનાથ;
ઉગાર્યો ધરણેંદ્ર અનાથ. પરમ.
કામ ક્રોધ નિવારી નાથ, લીધો સિદ્ધિ વધુનો સાથ. પરમ.
કમઠ ઉપર નહી રોષ લગાર, જીન શાસનનો જયજયકાર.
અમને પણ છે તુજ આધાર, ભાવમંડલ જૈન માગે વ્હાર.
પરમ પવિત્ર પ્રભુ.

ચાલોજી ચાલો ચેતન આજરે, જીન શરણે જાઇએ;
સુખ દુઃખની વાતો કહીએ, નરભવનો લ્હાવો લઇએ;
રહીએ સદા મનહર ભાવમાં, જીનના ગુણ ગાઇએ. ચા.
ચીરમળ વારી જીનજી, અંગ ક્ષીરોદક ઢોળી;
મૃગમદ કેશર ચંદન શુધ્ધ બરાસ ઘોરી, ભરી કનક કચોળી.
જીનજીને અંગે ચોળી, પૂજે સાધરની ટોળી;
ભવભવના પાતક ત્રોડી, ભવિજન ભાવે પુષ્પ ચઢાવે;
જીન ગુણ ગાવે શીવસુખ પાવે, શરણે જીનરાજ રહીયે. ચા.

મને સ્હાય કરશે મોરારારે—એ રાગ.

જદુનાથ છો ઉપગારીરે, નેમ પાછા વળોને એક વારી;
નેહ નિવારી, સાણીને વિસારી, પશુઆનો પોકાર ઉર ધારી.
આઠ ભવાંતરની હું હું નારી, ભવ નવમે ન મુકો કુંવારી;
જો ન કર મેલાપ કીધો, તો પ્રભૂ લેજો ઉદ્ધારી. જદુ.

સાચો સ્વામી શ્રી સરજનહાર—એ રાગ.

હાંરે નેમ ચાલ્યા ગીરનાર, હાંરે મુકી કુંવારી રાજુલનાર;
ગયા નેમ ગિરનારી, મુકી રાજુલ નારી.

સાખી.

ગીરનારીમાં જઇ વસ્યા, પ્યારા નેમનાથ;
પ્રભુજી પ્રેમે પુજીએ, સજજન સૌ સંગાથ.
હાંરે નેમે કરયો દિક્ષાનો વિચાર,
હાંરે દિક્ષા લેતાં લાગી નહી વાર;
ભાવ મંડળને ભારી, પ્રભુ હયો ઉગારી, હાંરે નેમ.

રાગ નાચનો.

જાચો શ્રી જાચો શ્રી જગસ્વામી, જીનવર નામી;
શિવ સુખ ધામી, ગુણ મણિ ખાણી, વિભુ વિશરામી.
થેઇ તત થેઇ તત થેઇ તત થેઇ, થનન થનન થેઇથેઇ થા(૩)
થનનન થેઇ થા (૩) થેઈ.
જીન ગુણ ગીતે ગા, કમળા કિરતી પા, વચન વિલાપી
વીર—વાહ વાહ વાહ. સલુણી સુરતી આ, દિલભર
દેખી આ; પ્રિતમ પ્રિતી રસ પાપાપા.
હૈયામાં હોંશે પાઓ, જીનજીકું યાર; ઝગમગે જીનરાય—
સોવન અંગ, ચાચા સલુણા સુંદિર દેદાર—જીનનનનનન
નાચી—જીણંદજી, માગે આ ભાવમંડલ સાર;
જય જય જય જય—જાચો શ્રી.

રાગ કલ્યાણ.

યા પુદ્ગલકા વિસવાશા વાસા હૈ સુપનેકા વાસારે, યા.
ચમત્કાર વિજલી દે જૈસા પાની બીચ પતાસા...યા.
યા દેહીકા ગર્વ ન કરના જંગલ હોયગા વાસા...યા.
જુઠે તન ધન જુઠે જોબન જુઠે હૈ ઘર વાસા...યા.
આનંદઘન કહે સબહી જુઠે, સાચા શીવપુર વાસા...યા.

શ્રી મહાવીરસ્વામીનું સ્તવન.

મહાવીર તોરે સમવસરણકીરે (૨) હું જાઉં બલીહારી
વારી (૨) મહાવીર.
ત્રણ ગઢ ઉપરેરે, તખ્ત બિરાજેરે, વાણી જન જોજન
સારી. (૨)
હું જાઉં બલિહારી વારી(૨) મહાવીર તોરે સમવસરણકીરે.
દેશના અમૃતરે, ધારા વરસેરે, જિનશાસન હે જયકારી(૨)
હું જાઉં બલિહારી વારી (૨) મહાવીર.
ભાવવિજય સભારે (૨) જિન ગુણ ગાવેરે, તાર્યાં છે નરને
નારી; હું જાઉં બલિહારી વારી (૨) મહાવીર.

રાગ (લાડકડી લટકાળીરે)

વિનતડી અવધારો જીણંદ મોરી વિનતડી અવધારો;
પ્રભુમેરે ઇચ્છાવંત પ્રભુ પદ બાળકો;
રત્ન જડીત સિંહાસન શોભે, ફરતી કાંગરા મન લહીએ;

મુગટ મણીમય મસ્તકે ઝળકે, પ્રભુ ગણકીત મન ધરીએ.
રૂપ અનોપમ સુંદીર દીપે, વિકસી ૧ ચામરે ઢળીએ.
ભાવવિજયજી મંડળ માંગે, સમતા રસમય થઇએ...પ્રણુમે,

રાગ (ગનુડા શું જાણુ મોરી પ્રીત)

પાર્શ્વ પ્રભુ લાગી તુમસું પ્રીત (૨) ઓ વામાના જાયા.
લલિત વદન વિભુ શોભે છે તાહરૂં, ઝળકે આંગીની ઝગ
મગ જ્યોત...ઝગકે ઝરરરરરરરરરર...પાર્શ્વ.
નાગ ઉગારી પ્રભુ, નાગેંદ્ર બનાવ્યો, પાપીડા કર્મનું તોડી
તીર...તોડી તરરરરરરરરરરર...પાર્શ્વ.
અંતરજામી જીનજી, અવિચળ ધામી, પંથીડા પણ મેં
ધરી ધીર...ધારી ધરરરરરરરરરરર...પાર્શ્વ.
ભાવવિજય મંડલને શીવ સુખ આપો,
નિશદિન કાપો કર્મ કથીર...કાપો ઠરરરરરરરરરર...પાર્શ્વ.

મારા તનમાં મનમાં ભર્યાં છે—એ રાગ.

પ્રભુ સંભવનાથજી પ્રીતે હું પ્રણુમું, આવ્યાં તમારા પાય.
માતા સેના દેવીના તમે જાયા, સંભવનાથ કહેવાયા. પ્ર.
દરિશણુ કરી રાજી સૌ થાય, આનંદ ઉર ન માય (૨)
ભાવવિજય મંડલ અરજ કરે છે, તારોજો ભવજલ પાર.
પ્રભુ સંભવનાથજી.

સજ્જન સૌ મંદીર આવો(૨)રે સજ્જન સહુ મંદીર આવોરે

પ્રેમ ધરીને પ્રભુજીનું મુખ જોઈ ખુશી થઆઓ;
જૈન મંદિરની અંદર આવી સદા સુખી થાઓ,
દર્શન કરી રાજી તો થાઓ...રે સજજન.
પ્રભુજીના મસ્તકે મુકુટ, કાને કુંડળ સાર;
બાંહે બાજુબંધ બેરખા શોભે આનંદ થાય અપાર,
ભાવેથી ભાવના ભાવો...રે સજજન.
પ્રભુજીના દર્શન કરવાથી જન્મ સફલ થયો આજ;
પાર્શ્વ પ્રભુજીના દર્શન કાજે આવ્યો છું શુભ કરવા,
દર્શનને માટે હું આવ્યો...રે સજજન.
ભાવવિજયજી જૈન મંડલ, કર જોડી કહે નાથ,
મહેર કરીને એહ પ્રભુજી, સેવકનો ઝાલો હાથ,
દયા કાંઇ દિલમાં ધારો...રે સજજન.

ચેતે તો ચેતાવું તનેરે પામર પ્રાણી—એ રાગ.

કુદયો શું ફરે છે ફુલીરે મુરખ પ્રાણી.
કાયા માયા જુઠી કેવી ઝાઝવાના નીર જેવી;
તેને તુચ્છ કરી દેવીરે, મુરખ પ્રાણી...ફુ.
આઉખું જાયે છે ખુટી કરે શું તું માથા કુટી;
ખુશી તેની નહિ બુટીરે. મુરખ પ્રાણી...ફુ.
પાણી માંહિ પરપોટા ખેલ સહુ એમ ખોટા;
માન નહિ મન મોટારે. મુરખ પ્રાણી...ફુ.
કુટુંબ કબીલો સારો માન નહીં મન મારો;
એક દિન થશે ન્યારોરે. મુરખ પ્રાણી...ફુ.

આંખે જે જે દેખે સારૂ તે તે ભાઇ નહીં તારૂં;
માને કેમ મારૂં મારૂં રે. મુરખ પ્રાણી...કું.
ચેતી લેને જાય ચાલી, કરી માથાકુટ ખાલી;
માયામાં શીદ રહયો માલીરે. મુરખ પ્રાણી...કું.
કાયા માયાથી રે ન્યારો, અલખ અરૂપી ધારો;
બુદ્ધિસાગર મન પ્યારોરે. મુરખ પ્રાણી...કું.

રાગ ગજલ.

જગતમાં પુન્યથી ચહતી, જગતમાં પાપથી પડતી;
જગતમાં પુન્યથી લીલા, જગતમા પાપથી ખીલા. ૧
ચહે તે પુન્યથી મળતું, ચહે તે પાપથી ટળતું;
બુધ્યબ્ધિ સત્યમાં રહેવું, અમારે સત્યને કહેવું. ૨

અહો દીલદાર—એ રાગ.

અહો દેદાર તમારા આજ, થતાં મહારાજ દુઃખો છટકી;
રહયો જોઇ રહયો મોઈ, શરણુ તોઇ ગ્રહયો મોઇ;
રહયો ભટકી અધર લટકી, ભવે ભટકી મરૂં પટકી;
કરો દ્રષ્ટિ અમી વૃષ્ટિ, જતાં કૂષ્ટિ સુખી સૃષ્ટિ. અહો. ૧

સાખી.

જીનવર મુરતી પુજતાં, થાયે નિર્મળ કાય;
તે માટે શેવો સહુ, પાપ પુંજ વહી જાય. અહો. ૨

સાખી.

ભવ અટવીથી ઉગરવા, શેવો શ્રી જીનરાજ;

ભાવવિજયજી મંડલી, ગાયે જીન ગુણ આજ. અ. ૩

લ્હેરી પ્રાણી લટકાં મટકાં કરતાં કાં ચાલો—એ રાગ.

સંભવ સ્વામી હરતાં ફરતાં તમ ઉર ધારો;
મુક્તિ મેલા લેવા રંગે ભજો યારો,
સાચા સ્વામીને સેવો, જગમાં નહીં જોટો એવો;
ભક્તિ થકી કર્મ ખપાવી. સંભવ. ૧
ખરે કરવાનું પામો, નકી સહુ દુઃખ વીરામો;
મળે માગેજી માગે માગે;
ભાવવિજય મંડળ તારો. સંભવ. ૨

રેલ ગાડીના સ્વરૂપમાં આત્મબોધ સ્તવન.

જીવને સ્વાસતણી સગાઇ ઘરમાં ઘડી ન રાખે ભાઇ—એ રાગ.

સુણો આ ગાડી દેખી મકલાવે, ઉમર તારી રેલતણીપેરે જાવે.
સંસારરૂપી ગાડી બનાવીને, રાગ દ્વેષ દોય પાટા;
દેહ ડબ્બાને પળ પળ પઇડાં, એમ ફરે આઉખાના
આંટારે. સુ. ૧
કર્મ અંજીરમાં કષાય અગ્નિ, વિષય વારા માંહી ભરીયું;
તૃષ્ણા ભુંગળું આગળ કરયું તે, ચારે ગાતમાં ફરીયુંરે. સુ. ૨
પ્રેમરૂપી આંકડા વળગાડયા, ડબ્બે ડબ્બે જોડયા ભાઇ;
પુરવ ભવની ખરચી લેઇને, ચેતન બેસારૂ બેઠો માંહીરે. ૩
કોઇ ટીકટ લીધી નર્ક તિર્યંચની, કોઇ લીધી મનુષ્ય દેવ;

કોઇએ ટીકટ લીધી સિદ્ધ ગતીની, પામવા અમૃત મેવોરે.૪
ઘડી ઘડી ઘડિઆળાં વાગે, નિશદીન એમ વહ્યા જાવે;
વાગે સીટી ને ઉપડે ગાડી, આડા અવળા વેસ આવેરે. ૫
આયુષ્યરૂપી આવ્યું ઇસ્ટેશન, હુંસલો તે હાલુહાલુ થાવે;
આપે ભરી પાસીંટ લેઇ જાતાં, કાળ કોટવાળ ત્યાં આવેરે.૬
ઝાલી નરકમાં જમરાય પાસે, જઇને સોંપ્યો તત્કાળે;
આરંભ કરીને આવ્યો પરૂણો, કુંભી તે પાકમાં ઘાલેરે. ૭
લાખ ચોરાશી જીવાયોનીમાં, જીવડો રૂલે વારંવાર;
સદ્‌ગુરૂ શીખે ધર્મ આરાધે, તો પામે મુક્તિનું દ્વારરે. ૮
સંવત ઓગણીસ છાસઠના વરસે, આતમ ધ્યાન લગાડી;
ભાવવિજયના પુન્ય પસાયે, મોહન ગાય ભાવ ગાડીરે. ૯
(ભાવમંડલ ગાય ગાડીરે).

સંસાર સ્વરૂપ.

સંસાર સમજ લે શાણા મુસાફર ક્યાનું—એ રાગ.

એક દીન પંથીડા પ્યારા પંથે જવાનું,
કોઇ નથી રહ્યું ને કોઇ ન રહેવાનું પ્યારા પંથે જવાનું.
સ્વજન સબંધી મેળો ત્રણ્ંનો વેળો પ્યારા (૨)
પંખીનું ટોળું આખર ઉડી જવાનું, પ્યારા પંથે જવાનું
એક દીન પંથીડા પ્યારા પંથે જવાનું.

સાખી (હરીગીતની).

જીવીત જોવન રૂપ લાવણ્ય પ્રિય સમાગમ કારમા,

ચપળ લક્ષ્મિ અથિર યૌભન્ન કાળ જળબિંદુ સમાન;
એમ ગર્વ કરશો પ્રાણિયા ઉઠી જવું પળવારમાં,
કોણ મત્ર ભખશે એમના સંસારના પરિવારમાં,
કાલ દયા પરમાર્થ બાર પ્યારા. (૨)
સાંકળચંદ તારે જેથી સહેજ તરવાનું. પ્યારા પંખી,
એક દીન પંખીડા પ્યારા ચંદ્ર જવાનું.

શ્રી નેમનાથનું સ્તવન.

વારણું વારણું વારણુંરે હું તો જઉંરે શામલીઆ તારે વારણું;
તોરણ આવી નેહ જગાવી, રથ ફેરી શા કારણુંરે. હું તો.
એવું મનમાં કુડ હતું તો, શીદને આવ્યા મુજ બારણેરે.
એક વાર નેમજી રથ ફેરીને, અમને ભવજલ તારનેરે.
રાજેમતીના વચણા સુણને, ચતુર ચોમાસુ પારણેરે,
નેમ રાજુલ દોય મુગતી સધાવ્યે, ઉદયરત્ન જાઉં વારણેરે.
હું તો જઉંરે શામળીઆ તારે વારણું,

શ્રી મલ્લિનાથનું સ્તવન.

જીન રાજા તાજા, મલ્લિ બિરાજે [illegible] ગામમે;
દેશ દેશકે યાત્રાળુ આવે, પુજા સરસ રચાવે;
મલ્લી જીનેશ્વર નામ સિમરકે, મનવાંછીત ફલ પાવેજી. ૧
ચાતુર વરણકે નરનારી મીલ, મંગલ ગીત કરાવે;
જય જયકાર મંગલ ધ્વની વાજે, શીરપર છત્ર બિરાજેજી. ૨

હીંસક જન હિંસા તજી પુજે, ચરણ શીશ નમાવે;
તું બ્રહ્મા તું હરી શિવશંકર, અવર દેવ નહી ભાવેજી. ૩
કરૂણા રસભર નયન કચોળે, અમરત રસ વરસાવે;
ચંદનચંદ્ર ચકોર જયું નીરખી, તનમનઅતી ઉલ્લસાવેજી. ૪
આતમરાજા ત્રીભુવન તાજા, ચિદાનંદ મન ભાવે;
મલ્લી જીનેશ્વર મનહર સ્વામી, તેરા દરસ સુહાવેજી. ૫

ડોશી તારો દિકરો દ્વારકાં જાય છે. એ દેશી.

આબુ ગિરિરાજનાં દેવલ વખણાય છે,
મને દેખી લવું દેખી લગ્નું થાય છે. આબુ. ૧
સંસારી ઉપાધી મને ગમતીરે નથી,
દેવલમાં દિલ તણાય છે. આબુ. ૨
દેરાણી જેઠાણીના ગોખલાદિકની,
કોરણી અજબ ગણાય છે, આબુ. ૨
આદિનાથ નેમીનાથ તણાં બે,
દુનિયામાં દેહરાં પંકાય છે. આબુ. ૩
એહવા મંદિરનાં દર્શન કરતાં;
પાપ પાતાલે જાય છે. આબુ. ૪
ત્રીજીરે વાર અહીં યાત્રા કરીને,
હંસ આનંદ અતી પાય છે. આબુ. ૫

શ્રી પાર્શ્વનાથનું સ્તવન.

કુણ કરે સેવા કુણ કરેરે, પ્રભુ પદની સેવા કુણ કરેરે;

હું એ કરૂં ને મારો વીરોજી કરે, પેલો મોહરાય રસીયો
આરો પડરે. પ્રભુ.
સંતોષ સેવા કરોરે સાહેબજી, અનુભવ રસ લઈ આગે
ધરોરે. પ્રભુ.
ભેજન ગામની વાણી મીઠી, દુધમાંહી જેમ સાકર ભળેરે.
જાકુ ઘટમેં અનુભવ જાગે, પ્રેમ પીઆલા પાન ખરેરે,
જીન પ્રતિમા જે જીનવર સરખી, જાણુ તેતો શીવસુખ વરેરે.
શ્રી અશ્વસેન વામાજીકો નંદન, વદનાં કર્મ તે દુર કરેરે;
અલવેસર અરિહંતની સેવા, કરતાં ચેતન સેજ તરેરે;
શ્રી વીજે ધર્મ સુરીસર રાજે, આગમ આવચણ સુખ
ભરેરે. પ્રભુ.

ભજન.

ભજન કરલે ભજન કરલે, ભજન કરલે ભાઈરે;
દુનીયાદારી દુઃખની ક્યારી, જુઠી જગની સગાઈરે. ૧
કાયા સુકોમળ ફુળ જેવી, બીગડતાં નહિ વારરે;
ભલા ભલા પણ ચાલીયા તો, પામરનો શે ભારરે. ૨
કાદવ કેરા કીચ માંહા, કીડા લાખ કરોડરે;
કીડા તેવો માનવી તું જાણી પ્રભુ મન જોડરે. ૩
વાડી ગાડી લાડી માંહી, ખરચે પઇસા લાખરે;
એવા મરી મશાણે ચાલીયા ને, શરીર થઇ ગયાં રાખરે. ૪
બાજીગરની બાજી જેવી જુઠી જગત જંજાળરે;

ઝાંઝવાના નીર જેવું, જુઠું જગતનું વ્હાલરે. ૫
કાળ પાછળ લાગીયો જેમ, તેતર ઉપર બાજરે;
ઝડપી લેશે જીવડાને, કશું કરી રહેશે લાજરે. ૬
જરૂર જાવું એકલું ભાઇ, કોઇ ન આવે સાથરે;
બુદ્ધિસાગર કરૂણા નાગર, ગુરૂનો ઝાલો હાથરે. ૭

શ્રી સિદ્ધાચળજીનું સ્તવન.

વાહાલા વેગે આવોરે—એ રાગ.

સિદ્ધાચળગાવું રે, મોતીડેવધાવું રે, દાદા સુણો વિનતીહોજી
પ્રભુ મારાં ભવોભવનાં દુઃખ વાર...દાદા.

સાખી.

પરથમ પ તીપૃથ્વીતણા પ્રથમ જીણંદ મુણિંદ;
યોગિંદ્ર શ્રી આદિશ્વર મારૂદેવી માતા નંદ;
હું તો ગિરીવરના ગુણ ગાઉં રે...દાદા. ૧
જે પ્રિત પાળો પુર્વની સન્મુખ ભાળો આપ;
પાપી અધમને ઉદ્ધરો પ્રતિપાળની એ છાપ;
દયાનિધી દીલમાં હું લાવું રે...દાદા. ૨
કુરકટ મટી રાજા થયો જે સુરજ કુંડે ન્હાઇ;
અગ્ન ભોગી ઉદ્ધર્યો જે ચંદ્રશેખર નરિંદ;
હું તો મોહથી જન્મ મચાવું રે...દાદા. ૩
એ ઠામ સિદ્ધ અનંતનો છે, શાશ્વતો ગીરીરાજ;
સિધ્ધી વર્યા પાંડવ પ્રમુખ એ મુક્તિ મંદિર પાજ;
પ્રભુ તારૂં ધ્યાન લગાવું રે...દાદા. ૪

તારો પ્રભુ જો મુજને તો ગણું જગદાધાર;
નથી ખજાને કાંઇ ખોટ તારે તારીયા નરનાર;
રૂડી તારી આંગીઓ રચાવું રે...દાદા. ૫
ત્રિભુવન વિષે નહી તીરથ બીજું કહે વીર જિણંદ;
ગીરીરાજના ગુણ ગાન ગાવે સેવક સાંકળચંદ,
હું તો આવાગમન ન પાવું રે...દાદા. ૬

ભજન.

શું માહું લગાડો છો? મારા સમ છે સલુણારે—એ રાગ.

પૈસા પૈસા પૈસા તારી વાત લાગે પ્યારીરે;
રાત દીવસ પૈસાને માટે ભટકે નરને નારીરે. ૧
ભણવું ગણવું પૈસા માટે, પૈસે ઘેબર ઘારીરે;
પૈસાથી બાલુડા છાના પૈસે મોટી યારીરે. ૨
પૈસાથી પરમેશ્વર નાના પૈસો દેવ વેચાવેરે;
પૈસાની પુજારી દુનિયા પૈસો નાચ નચાવેરે. ૩
હિંસા ચોરી પૈસા માટે પૈસો સરવે વહાલું રે;
આજીજી પૈસાને માટે વેણ બોલવું કાળું રે. ૪
પૈસા માટે નોકર રહેવું પૈસા માટે વેઠારે;
પૈસા માટે રાજા રઇયત પૈસા માટે વેઠારે. ૫
પૈસા આગળ ગુરૂ નકામા પૈસા માટે દોડેરે
પૈસા માટે ગાડો પૈસો માટે માથું ફોડેરે. ૬
પૈસાથી વહાલા છે બાપા પૈસા માટે છાપારે;

પૈસાના લોભે છે ટંટા મુંધે કાપ કાપારે. ૭
પૈસાથી દુરે જે રહેતા તે જન સાચા ત્યાગીરે;
બુદ્ધીસાગર નીરલોભી જન મુનીવર છે વૈરાગીરે. ૮

પદ.

બેર બેર નહીં આવે અવસર બેહેર બેહેર નહીં આવે;
જ્યું જાણે ત્યું કર લે ભલાઇ, જનમ જનમ સુખ પાવે;
તન ધન જોબન સબહી જુઠા, પ્રાણ પલકમેં જાવે.
તન છુટે ધન કૌન કામકો, કાયાકુ કૃપણ કહાવે;
જાકે દીલમેં સાચ વસત હે, તાકું જુઠ ન ભાવે;
આનંદઘન પ્રભુ ચલત પંથમે, સમરી સમરી ગુણ ગાવે.
અવસર બેર બેર.

સઝાય.

સુણો ચેતન આતમરાયારે, જુઠી કુમતિથી શીદ સરમાયારે;
જરા જોને તું અંતર વિચારારે, રાગ દ્વેષ ચોરો છે ઘુટારા;
લોભે ઠગાયો મોહે ફસાયો, નારીશું નીચ લલચાયો;
નરક નીગોદમાં પાતીક પદયંકમાં, કુમતીથી બહુ દુઃખ પાયો. ૧
હવે સમજ તું માનવ ભવમાં, પુન્ય ઉદયથી આયો,
પુજી લેને જીનરાજ ભાવે તો, જસ બહુ જગમાં ગવાયો. ૨
સિદ્ધ સ્વરૂપી સાહેબ સાચો, શાંતી જીણંદ સુહાયો;

ચેતન ચેતી પુજને પ્યારા, ધર્મ કરી હરખાએ.

પદ.

આજ ઘેર પ્રભુજી પધાર્યા, કીજે મંગળ ચાર; આજ.
પહેલે મંગળ પ્રભુજીને પુજુ, ઘસી કેસર ઘનસાર. આજ.
બીજે મંગળ અગર ઉખેવું, કંઠે ઠવું ફુલહાર. આજ.
ત્રીજે મંગળ આરતી ઉતારૂં, ઘંટ બજાવું રણકાર. આજ.
ચોથે મંગળ પ્રભુ ગુણ ગાઉં, નાચુ થેઇ થેઇકાર; આજ.
રૂપચંદ કહે નાથ નિરંજન, ચરણ કમળ બલીહાર. આજ.

દોહરા.

ક્ષણ ક્ષણ આવરદા ઘટે, ઘટે દિવસ ને રાત,
આજતણું હમણાં કરો, કાલ તણી શી વાત. ૧
સમય સિંચાણો શીર ફરે, ઝડપે તાકી દાવ;
ધર્મ વિના શરણું નહીં, ભાવના અશરણ ભાવ. ૨



अथ श्री रामविजजीकृत चोवीशी.

શ્રી રૂષભજિન સ્તવન.

જોગમાયા ગરબે રમેરંગે—એ દેશી.

ઓળગડી આદિનાથની જો, કાંઇ કીજીયે મનને કોડ જો;
કોડ કરે કુણ નાથનાં જો, જેહના પાય નમે સુર કોડ જો. ૧
વાહલો મરૂદેવીનો લાડણો જો, રાણી સુનંદા હઇડાનો હાર જો;
ત્રણ ભુવનનો નાહલો જો, માહરા પ્રાણતણો આધાર જો ૨
વાહલે વીશ પુરવ લખ ભોગવ્યું જો, રૂડું કુંમરપણું રંગ
રોળ જો;
મનડું મોહ્યું રે જીન રૂપશું જો, જાણું જગમાં મોહનવેલ જો. ૩
પાંચસેં ધનુષની દેહડી જો, લાખ પુરવ ત્રેસઠ રાજ જો;
લાખ પુરવ સમતા વર્યા જો, થયા શીવસુંદરી વરરાજ જો. ૪
એહના નામથી નવનિધ સંપજે જો. વળી અક્ષિય વિઘન
સવી જાય જો;
શ્રી સુમતિવિજયકવિરાયનો જો, કહે રામવિજયગુણગાય જો. ૫

શ્રી અજિતજિન સ્તવન.

હવે ન જાઉં મહી વેચવા રેલો—એ દેશી.

અજીત જીનેશ્વર સાહિબા રેલો, વિનતડી અવધાર;
મારા વાલાજીરે, હવે ન છોડું તોરી ચાકરી રેલો;
તું મનરંજન માહરો રેલો, દિલરાનો જાણણહાર. મા. ૧
લાખ ચોરાશી હું ભમ્યો રેલો, કાળ અનંતો અનંત; મા.

આણગ લીધી મેં તાહરીરેલો, ભાગીછે ભવતણીભ્રાંત.મા.૨
કરી સુનજર હવે સાહિબારેલો, દાસ ધરો દિલમાંહ; મા.
લાખ ગુણ નહી પણ તાહરોરેલો, સેવક હું મહારાય.મા.૩
અવગુણ ગણતાં માહરારેલો, નહી આવે પ્રભુ પાર; મા.
પણ જીન પ્રવહણની પરેરેલો, તુમે છો તારણહાર. મ. ૪
નયરી અયોધ્યાનો ધણીરેલો, વિજયા ઉયરે સર હંસ.મા.
જિતશત્રુ રાયનો નંદલોરેલો, ધન ઇક્ષ્વાગનો વંશ. મા. ૫
વનુ ધય સાઢાચારનીરેલો, દેહડી રંગ સનુર; મા.
બહોત્તર પુરવ લાખનુંરેલો, આય અધીક સુખપુર. મા.૬
પાંચમે આરે તું મલ્યોરેલો, પ્રગટ્યાં છે પુન્યનિધાન;મા.
સુમતીગુરૂ પદ સેવતાંરેલો, રામ અધીક તનુ વાન. મા. ૭

શ્રી સંભવજિન સ્તવન.

તુંને ગોકુળ બોલાવે મન ગોવંદ ગોરીરે—એ દેશી.

મુને સંભવ જીનસું પ્રીત અવિહડ લાગીરે;
કાંઇ દેખત પ્રભુ મુખ ચંદ ભાવઠ ભાગીરે. ૧
જીન સેના નંદન દેવ દિલડે વસીયોરે;
પ્રભુ ચરણ નમ કર જોડ અનુભવ રસીયોરે. ૨
તોરી ધનુસય ચ્યાર પ્રમાણ ઉંચી કાયારે;
મનમોહન કંચન વાન લાગી તોરી માયારે. ૩
પ્રભુ રાય જીતારી નંદ નયણે દીઠારે;
સાવથીપુર શણગાર લાગે મુને મીઠારે. ૪
પ્રભુ અલખધારી ભગવાન નામ સુણાવેરે;

પણ મુગતીવધુ વશી મંત્ર પાઠ ભણાવેરે. ૫
મુજ રઢ લાગી મન માંહે તુજ ગુણ કેરીરે;
નહી તુજ મુરતને તોલ સુરત ભલેરીરે. ૬
જીન મેહેર કરો ભગવાન વાન વધારોરે;
શ્રી સુમતીવિજય ગુરૂ શીશ દિલમાં ધારોરે. ૭

શ્રી અભિનંદનજિન સ્તવન.

ધમધમ ધમકે ઘુઘરારે, ઘુઘરે હીરની દોરકે—એ દેશી.

શ્રી અભિનંદન સ્વામીનેરે, શેવે સુરકુમરીની કોડકે;
પ્રભુની ચાકરીરે.
મુખ મટકે મોહિ રહીરે, ઉભી આગલ બે કર જોડકે. ૧
સ્વર ઝીણું આલાપતીરે, ગાતી જિનગુણ ગીત રસાલકે;
તાલ મૃદંગ વજાવતીરે, દેતી અમરી ભમરી બાલકે. ૨
ધમધમ ધમકે ઘુઘરીરે, ખલકે કટિમેખલ સારકે;
નાટક નવ નવા નાચતીરે, બોલે પ્રભુગુણ ગીત રસાલકે. ૩
સુત સીદ્ધારથ માતનોરે, સંવરભુતિ કુળ શણગાર;
ધનુશેં સાઢા ત્રણનીરે, પ્રભુજીને દીપે દેહ અપાર. ૪
પુરવ લાખ પચાસનુંરે, પાળી આયુ લહ્યું સુખ ઠામ;
નયરી અયોધ્યાનો રાજીયોરે, દરસણનાણ રયણગુણધામ. ૫
સેવો સમરથ સાહિબોરે, સાચો શીવનયરીનો સાથ;
મુજ હયડા માંહી વસ્યોરે, વાલો તીન ભુવનનો નાથ. ૬
ઈણીપરે જીનગુણ ગાવતાંરે, લહો એ અનુભવ સુખ રસાલ;
રામવિજે પ્રભુ સેવતાંરે, કરતાં નીત નીત મંગલમાલ. ૭

શ્રી સુમતીનાથ સ્તવન.

ગરબો કોણેને કોરાવ્યો કે નંદનજીના લાલ—એ દેશી.

પંચમા સુમતી જીનેશ્વર સ્વામીકે, સુણો જીનરાયરે.
તુમથી નવનિદ્ધ રીદ્ધ મેં પામીકે, શીવસુખ દાયરે.
તું તો પાવન પરમ નગીનોકે, સુર ગુણ ગાયરે.
અહનીસ સમતારસમાં ભીનોકે, સુર ગુણ ગાયરે. ૧
મંગલા માવડીએ પ્રભુ જાયોકે. સુર.
છપન દિગ કુમરી હુલરાયોકે સુર.
તું તો મેઘ નરપતિ કુળ હીરોકે, હરી નીત પાયરે. ૨
ત્રણસેં ધનુષની ઉંચી કાયાકે. સુર.
ચાલીસ લાખ પુરવનું આયુ, નાગ રાયારે;
તારી સેવ કરે સુર સ્વામીકે. સુર.
તું તો સુરસુંદરી સુખકામીકે, નીર્મલ કાયરે. ૩
તું તો ભક્તવત્સલ ભય ટાળેકે; સુર.
તું તો ત્રીભુવન અજુઆલેકે, જેમ દિનરાયરે;
તું તો મુનીજનમાં નિસ દીવોકે; સુર.
અવિચલ ભુમંડલ ચિરંજીવોકે, જેમ ગીરીરાયરે. ૪
પ્રભુજીની વાણી અમીરસ મીઠીકે. સુર.
જીનજીની મોહન મુરતી દીઠીકે, અતિ સુખ થાયરે;
શ્રી ગુરૂ સુમતીવિજય કવિરાયાકે, સુર.
સેવક રામવિજે ગુણ ગાયાકે, જયો જીનરાયરે. ૫

શ્રી પદ્મપ્રભુજિન સ્તવન.

કમલ રસ ભ્રમર્કું—એ દેશી.

શ્રી પદમ પ્રભુ સેવીયેરે, શીવસુંદરી ભરથાર;
કમલદલ આંખડીયાં.
મોહનશું મન મોહી રહયુંરે, રૂપતણો નહી પાર,
ભમુહ ધનુ વાંકડીયાં. ૧
અસણ કમલસમ દેહડીરે, જગજીવન જીનરાજ;
વચણ રસ સેલડીયાં.
ત્રીસ પુરવ લખ આઉખુંરે, સારે વંછીત કાજ;
મોહનસું વેલડીયાં. ૨
સહિરો સવી ટોળે મળીરે, સોળ સજી શીણગાર;
મળી સખી સરડીયાં.
ગુણ ગાતી ઘુમરી દીયેરે, કરે ચુડી ખલકાર;
કમલ મુખ ગોરડીયાં. ૩
માતા સુસીમા ઉરે ધર્યોરે, મુજ દલડામાં દેવ;
વસ્યો દિન રાતડીયાં.
કોસંબી નયરી જણોરે, નાથ નમો નીત મેવ;
સુણો સખી બાતડીયાં. ૪
ધનુષ અઢીસેં શોભતીરે ઉંચપણું જગદીશ;
નમો સાહેલડીયાં;
રામવીજે પ્રભુ સેવતાંરે, લહીયે સયલ જગીસ;
વધે સુખ વેલડીયાં. ૫

શ્રી સુપાર્શ્વજિન સ્તવન.

નાતાંરે તુમે ચાલ્યા ગઢ આગરેરેલો—એ દેશી.

સેવજોરે સ્વામી સુપાસ જીનેશ્વરરે લાલ,
પુજીયે ધરી મન રંગરે લાલ.
મારે મન માન્યો સાહિબોરે લાલ.
પ્રેમથીરે પ્રીત બની જીનરાજશુંરે લાલ;
જેવો ચોલનો રંગરે. મારે મન માન્યો. ૧
ધરજોરે ધન પૃથ્વીરાણી સતીરે લાલ,
જાયો જેણુ રત્નરે લાલ; મારે મન.
દીપતીરે દીસકુમરી આવે તીહાંરે લાલ,
કરતી ક્રોડ જતનરે લાલ. મારે મન માન્યો. ૨
જોરથીરે જીન મુખ નરખી નાચતી રે લાલ;
હરખતી દીયે આશીશરે લાલ; મારે મન.
ચાહતીરે ચીરંજીવો તું બાલુડારે લાલ;
ત્રણ ભુવનના ઇશરે લાલ. મારે મન માન્યો. ૩
ફાવતીરે ફરતી ફુંદડી દીયેરે લાલ;
મદ ભરમાતી જેહરે લાલ; મારે મન.
નાથનેરે નેહ નયણુ ભર જોવતીરે લાલ;
ગુણ ગાતી સસનેહરે લાલ. મારે મન માન્યો. ૪
આદરેરે ઇમ હુલરાવતી બાલનેરે લાલ;
પોહોતી તે નીજ નીજ ઘેરરે લાલ, મારે મન.
પ્રેમસુંરે પ્રભુ વાધે મોહતારે લાલ;
ધનુષ ધનુષની દેહરે લાલ. મારે મન માન્યો. ૫

રાગથીરે રાજકુમરી રમણીયાણીરે લાલ;
જરજ્યા પ્રભુ સુવીલાસરે લાલ; મોરે મન.
આનપોરે મોહતણે વશ માંહીરે લાલ;
નાથ રહે એ ઘર વાસરે લાલ. મોરે મન માન્યો. ૬
ભાવથીરે ભોગ તજ્યા દીક્ષા વરીરે લાલ;
વીસ પુરવ લાખ આયરે લાલ; મોરે મન.
જાગતોરે જોતી સરૂપી જગદીશ્વરૂરે લાલ;
રામવિજય ગુણ ગાયરે લાલ. મોરે મન માન્યો. ૭

શ્રી ચંદ્રપ્રભુજિન સ્તવન.

સાહેબજી અમે નહી હુવાણુકે રાજ ગરાશીયારેલો—એ દેશી.

જીનજી ચંદ્ર પ્રભુ અવધારોકે નાથ નીહાળજોરેલો;
તમણો બિરૂદ ગરીબ નવાજકે વાચા પાળજોરેલો.
હરખે હું તુમ શરણે આવ્યોકે, મુજને રાખજોરેલો;
સારથ ચાર ચુગલ બે ભુંડાકે, તેહ દુરે નાખજોરેલો. ૧
પ્રભુજી પાંચતણી પરસંસાકે, રૂડી થાપજોરેલો;
મોહન મેહેર કરીને દરસણ મુજને આપજોરેલો;
તારક તુમ પાસક મેં સાહયોકે હવે મુને તારજોરેલો;
કુનારી કુમતી થઇ છે કેડેકે તેહને વારજોરેલો. ૨
સુંદરી સુમતી સોહાગણ સારીકે પીયારીછે ઘણીરેલો,
તાતજી તે વિણ જુવે વાદ ભુવન કેરૂં આંગણુંરેલો,
રૂપ ગુણ લખમણારાણી જાયોકે મુજમન આવજોરેલો,

અનુભવ અનોપમ અમૃત મીઠાકે સુખડી લાવજોરેલો. ૩
દીપતી દોઢસો ધનુષ પ્રમાણકે પ્રભુજીની દેહડીરેલો;
દેવની દસ પુરવ લાખ માનેકે આઉખુ વેલડીરેલો,
નીરગુણ નીરાગી પણ હું રાગીકે મનમાંહે રહોરેલો,
સુભકર સુમતીવીજય સુપસાયકે રામે સુખલહ્યોરેલો. ૪

શ્રી સુવિધીજિન સ્તવન.

સોવન લોટા જલે ભર્યારે—એ દેશી.

સુવીધી જિણેસર જાગતો મોહન સ્વામી,
રામે સુગ્રીહીનો નંદનરે વંદો લાલ અંતર્યામી. ૧
ભરીય કચોલી કુંકમે માંહે મૃગમદ ઘોલી;
પુજો પ્રભુ નવ અંગરે, રંગે લાલ સહીયર ટોલી. ૨
કેસરની આંગી રચી, માંહે હીરા દીપે;
જોર બન્યો જીનરાજરે, તેજે લાલ સુરજ જીપે, ૩
મુગટ ધર્યો શીર શોભતો, મણી રયણ બિરાજે;
ઝલકે કુંડલ જોડરે, હૈડે હાર નિર્મલ છાજે. ૪
કરી પુજા મન ભાવસુંરે, પ્રભુ હૈડે ધરતી;
ભરતી ઉઠવતી પાયરે, જોયે લાલ જિનમુખ ફરતી. ૫
કાકંદી નયરી ધણી, સત ધનુષની કાયા;
લાખ પુરવનો આયરે, નવમો લાલ એ જિનરાયા. ૬
શ્રી સુમતીવિજે પ્રભુ નામથી, નીત મંગલ માલા;
રામવિજે જયકારરે, જપતાં લાલ જીનગુણ માલા. ૭

શ્રી શીતલનાથજિન સ્તવન.

પાટણની પટોલી રાજન લાવજોરેલો—એ દેશી.

શ્રી ભદ્દલપુર વાસીરે સાહિબ માહરારે;
અરજીને સુણીયારે ગુણ બહુ તાહરારે,
સુણ મેરામીઠડાસીભગવંત, કેવલ કમલાનાહો કંત;
સેવક નીજ ચરણેરે રાજંદ રાખજોરે. ૧
સાતેને વલી રાજરે રાજંદ અલગા વસોરે,
તીહાંકણને આવણનેરે મનડું ઉલસેરે,
સુણ મેરા સાહિબલાલગુલાલ સેવકનેનયણે નીહાળ,
નયણની લીલારે તારી તારશેરે. ૨
શ્રી શીતલજિન મુજ મન મંદિર આવજોરે,
શીવરમણી રસીયા દલમાં લાવજોરે,
પ્રભુજીમોરા તારૂઅકલસ્વરૂપ મુજથીઅગમનહીમનરૂપ
જીવડો લલચાણો પ્રભુજીની મુરતેરે. ૩
નેવું ધનુષ પ્રમાણેરે નંદા માતનોરે,
શ્રી વચ્છ લંછનરે દ્રઢરથ તાતનોરે,
પ્રભુમારા અવધારોગુણગેહ, જીનજી તુજશુંમુજમનનેહ
નેહલડાની વાતુંરે રાજંદ દોહિલીરે. ૪
વીનતડી સાંભળીનેરે સાચુ ભાળજોરે,
ભવભવના પાતકરે અલગા ટાળજોરે,
પ્રભુમારાતુમેછોગરીબનિવાજ શ્રીગુરૂસુમતીવીજેકવીરાજ
બાળક સેવકને લેખે આણજોરે. ૫

શ્રી શ્રેયાંસજિન સ્તવન.

ગોજણ વોળામાં હું ગઇ કાંઇ ઉભી સેરીવીચ વિજળનાળમા—એદેશી.

તારક બીરૂદ સુણી કરી, હું આવી ઉભો દરબાર;
શ્રી શ્રેયાંસ સાહિબા પ્રભુતણા તાણ ન કીજીએ.
મુજ ઉતારો પાર. શ્રી. ૧
કાલાદિક દુષણ દાખતા, દાતારપણું કીમ થાય. શ્રી.
જો વિણુઅવલંબન તારીએ, તો જગસઘળોજસગાય.શ્રી.૨
બાળકને સમજાવવા, કહેશો ભોલામણી વાત; શ્રી.
પણ હઠ કીધો મુંકીશ નહી, વીણ તારે ત્રીભૂવનતાત.શ્રી.૩
જો મન તારણનું અછે, તો ઢીલતણું શું કામ; શ્રી.
ચાતુક નીરમુખ દુખણે, થઇ મેઘ ઘટા જનસ્યામ. શ્રી. ૪
તુજ દરશણથી તાહરો, હું કહેવાણો જગ માંહે; શ્રી.
હવે મુજ કુણ લોપી શકે, બળિયાની ઝાલી બાંહે. શ્રી. ૫
વિશ્નુકુમર વાલેસર, પ્રભુ સિંહપુરીનો રાય; શ્રી.
લાખ ચોરાશી વરસનું પ્રભુ પાળ્યું પૂરણ આય. શ્રી. ૬
અનુપ એંશી તનુ શોભતું ખડગી લંછન જગદીશ, શ્રી.
હરખ ધરીને વિનવું શ્રી સુમતિવીજે કવિ શીષ્ય. શ્રી. ૭

શ્રી વાસુપુજ્યજિન સ્તવન.

નંદ ગોવાળીયાની દેશી.

શ્રી વાસુપુજ નરિંદના, નંદન જિન નયણાં નંદ;
શ્રી જીન વાસપુ.

પ્રભુ કિમ આવું તુમ ઉછંગે, મારે કુડો કુડંબનો ફંદ;
શ્રી જીન સાંભળો. ૧
કુમતી રમણી મોહ નંદની, મુજ કેડ ન મુકે તેહ; શ્રી.
માત્ર મહયો તે લોભીયો, લાગો તેહશું બહુ નેહ.શ્રી.ર
ત્રેવીસ મહયા ધુતારડા, તેહના વળી નવનવા રંગ;શ્રી.
અહુનિશ તેને હું સેવળંગ્યો, ન વર્યો પ્રભુસાથે રંગ. ૩
પ્રભુ દરશન તરસે ઘણું જીન મુજ મનડું દીન રાત;શ્રી.
પણ પંનર આડા રહે, જે નીગ ઘણું કમ જાત. શ્રી.૪
કુડો કલિયુગ આજનો, બહુ ગાડરીઓ પરવાહ: શ્રી.
તાહરૂ રૂપ ન ઓલખે, નહી સુદ્ધ ધર્મની ચાહ. શ્રી.પ
પ્રભુ દરશન વિણ જીવડા, કરતા દિસે વિવહાર; શ્રી.
તેણે અમે ભુલા ઘણા, પ્રભુ દોહલો લોકાચાર. શ્રી.૬
વરસ બોતેર લખ આઉખું, તોરાસીતેરવનુપતનુસાર.શ્રી.
રામવિજે કર જોડીને, કહે ઉતારો ભવપાર. શ્રી.૭

શ્રી વિમલજિન સ્તવન.

કુલા બાલીઆ બાલીયા શું કરો—એ દેશી.

જીન વિમલ વદન રળીયામણું, જાણે કનક કમલનો રાયરે;
વિમલ જીણંદજી જીન અધરઅમીરસ કુમીનો, પ્રતિબિંબીત બિંબ સુહાયરે. વિ. ૧
જીન અનુરૂપની રેખમાં નવી આવે સુરના ઈંદરે; વિ.
જીન મુખ ટીકો નીકો બન્યો માનુ ઉગ્યો ઉજલ ચંદરે.વિ.ર
જીમ દાડમકલી ઓપતી અતી દીપે દાંતની ઓળરે;વિ.

એ અરૂણઅધરછબીથી મહ્યા માનું મુગતાફલસમલોહરે. ૩
જીન અકલ અરૂપી રૂપ છે પણ સકલ સરૂપી જાણરે; વિ.
જીન અગણીત ગુણના દોરથી મન ખાંકડું બાંધ્યું તાણરે.૪
જીન શીવસુખદાયક સાંભલી હું હરખ્યો હૃદયામાંહીરે.વિ.
જીન એકતારી તુજસું કરી જીમ ચંદ ચકોરી ચાયરે.વિ. ૫
પ્રભુ એવડી વિમાસણ શું કરો નહી ખોટ ખજાને તુજરે.વિ.
જો ના આપોતો સાહમું જુઓ તો વંછીત ફલશે મુજરે.૬
સુતકૃત વમા સ્યામાતણા સાઠ લાખ ધનુષ તનુ આયરે.વિ.
શ્રી સુમતીવિજે કવિરાજનો એમ રામવિજે ગુણ ગાયરે. ૭

શ્રી અનંતજિન સ્તવન.

રાજગરમતી આવી છે પુરમેં—એ દેશી.

સુજસા નંદા જગ આનંદન દેવજો,
નેહરે નવરંગે નીત નીત ભેટીયેરે;
ભેટ્યાથી સું થાયે મોરી સઇઆરે,
ભવ ભવના પાતિકડાં અલગાં મેટીયેરે. ૧
સુંદર સારી પેરા ચરણા ચીરરે,
આવોરે ચોવટડે જિન ગુણ ગાઇયેરે;
જીન ગુણ ગાયે સું થાયે મોરી બેનીરે,
પરભવરે સુર પદવી સુંદર પામીયેરે. ૨
સહિયર ટોળી ભોળી પરિમલ આવેરે,
ગાવેરે ગુણવંતી હુંડકે મલ્હગાહીરે;
જય જગનાયક શીવસુખ દાયક દેવરે,

નાયકરે તુજ સરિખો જગમાં કો નહીરે. ૩
પરમ નિરંજન નીરજી ભગવંતરે,
પાવનરે પરમાતમ શ્રવણે સાંભળ્યોરે;
સ્વામી હવે મેં તુજ સાસન પરતીતરે,
ધ્યાનેરે એક તાને પ્રભુ આવી મળ્યોરે. ૪
ઉંચપણે પંચાસ ધનુષનો માનરે,
પાલ્યુંરે વળી આઉખું લાખ ત્રીસનુંરે;
શ્રીગુરૂ સુમતીવિજય કવિરાય પસાયરે,
અહનીશરે દલ ધ્યાન વસે જગદીસનુંરે. ૫

શ્રી ધર્મજિન સ્તવન.

બાહરે ગરબડો—એ દેશી.

ધરમ જીનેશ્વર સેવીયેરે ભાનુ નરેસર નંદ; બાહરે જીન વાલ્હો
જીન ધ્યાને દુઃખ વિસરૂરે, હું પામી પરમાનંદ. બા. ૧
રતન જડીત સિંઘાસનેરે બેસે શ્રી ભગવાન; બા.
મોં આગળી નાચે સુરીરે ઇંદ્ર કરે ગુણ ગાન. બા ૨
પ્રભુ વરસે તિહાં દેશનારે જીમ આષાઢો મેહ; બા.
તાપ ટળે તનનોસ પરેરે વાધે બમણો નેહ. બા. ૩
અણુવાયા ગગણે ધુરેરે વાજીત્ર ક્રોડા ક્રોડ; બા.
તા થેઇ નાચે કિંનરીરે હીંડે મોડા મોડ. બા. ૪
આયુ દસ લાખ વરસનુંરે ધનુષ પીસતાલીસ માન; બા.
રામવિજે પ્રભુ નામથીરે લહીયે નવ નિધાન. બા. ૫

શ્રી શાંતીજિન સ્તવન.

અંબા વિરાજે છે—એ દેશી.

સુંદર શાંતિ જીણુંદની છબી રાજે છે,
પ્રભુ ગંગાજળ ગંભીર કીરત ગાજે છે. ૧
ગજપુર નયર સોહામણું ઘણું દીપે છે,
વિશ્વસેન નરિંદનો નંદ કંદ્રપ જીપે છે. ૨
અચિરા માતાએ ઉરે ધર્યો મન રંજે છે;
મૃગ લંછન કંચનવાન ભાવઠ ભંજે છે. ૩
પ્રભુ લાખ વરસ ચોથે ભાગે વ્રત લીધું છે;
પ્રભુ પામ્યા કેવળજ્ઞાન કારજ સિધ્ધુ છે. ૪
ધનુષ ચાલીસની ઈશની તનુ સોહે છે;
પ્રભુ દેશના ધ્રુની વરસંત ભવિ પડીબોહે છે. ૫
ભક્તવત્સળ પ્રભુતા ભણી જન તારે છે;
બુડંતા ભવજળ માંહી પાર ઉતારે છે. ૬
શ્રી સુમતીવિજે ગુરૂ નામથી દુઃખ નાસે છે;
કહે રામવિજે જીન ધ્યાન નવનીધિ પાસે છે. ૭

શ્રી કુંથુજિન સ્તવન.

રસિયાની દેશી.

રસિયા કુંથુ જિણેસર કેસર ભીની દેહડીરેલો;
મારા નાથજીરેલો.
રસિયા મનવંછીત વર પુરણ સુરતરૂ વેલડીરેલો. મા. ૧

રસિયા અંજન રહિત નિરંજન નામ હૃદયે ધરોરેલો. મા.
રસિયા જુગત કરી મન ભગતે પ્રભુ પુજા કરોરેલો. મા. ૨
રસિયા શ્રી નંદન આનંદન ચંદનથી ચાર્ચોરેલો. મા.
રસિયા તાપ નિવારણ તારણ તરણ તરી પરેરેલો. મા. ૩
રસિયા મનમોહન જગ સોહન કોઇ નહિ ફિરયેરેલો. મા.
રસિયા કુણ કલિયુગ માંહી અવર ન કોઈ રયોરેલો. મા. ૪
રસિયા ગુણ સંભારી જાઉં બલિહારી નાથનેરેલો; મા.
રસિયા કોણ પ્રમાદે છાંડે સીવપુર સાથનેરેલો. મા. ૫
રસિયા કાચતણે કોણ કારણ નાંખે સરમણીરેલો; મા.
રસિયા કોણ ચાખે વીખ ફળને મેવા અવગણીરેલો. મા. ૬
રસિયા સુરનરપની સુત ઠાવો ચાવો ચઉદિશારેલો; મા.
રસિયા વરસ સહસ પંચાણું જીન સુથી વસોરેલો. મા ૭
રસિયા ત્રીસ ધનુષ પણ ઉપર ઉંચપણે પ્રભુરેલો; મા.
રસિયા ત્રણ ભુવનનો નાથકે થઇ બેઠા વીભુરેલો. મા. ૮
રસિયા અજ લંછન ગત લંછન કંચનવાન છેરેલો; મા.
રસિયા રીદ્ધી પુરે દુખ ચુરે બેહને ધ્યાન છેરયો. મા. ૯
રસિયા બુદ્ધ શ્રી સુમતીવીજય કવી સેવક વીનવેરેલો; મા.
રસિયા રામ કહે જીનસાસન નવી સુધ હવેરેલો. મા. ૧૦

શ્રી અરજિન સ્તવન.

ગાયજોરે ગુણનિરાશ—એ દેશી.

ગાયજોરે ધરી ઉલ્લાસ અર જીનવર જગદીશરૂરે;
આનજોરે એહ મહંત મહીયલ માંહી વાદિસરૂરે. ૧

આદયોરે દ્રઢ કરી ચીત મનવંછીત ફળ પુરસેરે;
વારજોરે અંતરની સેવ એહીજ શંકર સુરશેરે, ૨
સિંચજોરે સમતાની વેલ જીન ગુણ ધ્યાનનીરે;
ઘણું નીપજેરે સમકીત ફુલ કેવળ ફળ રંજીયા મણુંરે. ૩
પુન્યથીરે દેવી નંદ નયણે નરખ્યા નેહથીરે;
ત્રિભુવનોરે આતી આણંદ દુખ અળગાં થયાં જેહથીરે. ૪
શોભતારે ત્રીશ ધનુષની કાય રાય સુદરીસન વંશનોરે
આઉખુરે જીનજીનું સાર સહસ ચોરાસી વરસનુંરે. ૫
જીન રાજનેરે કર પ્રણામ કાજ સરે સવી આપણુંરે;
ભાવથીરે ભગતી પ્રમાણ હરિરાજ ફળ પામે ઘણુંરે. ૬
સેવજોરે અરપદ અરવીંદ જો શીવસુખની કામનારે;
રાખજોરે પ્રભુ હ્રદય મોઝાર રામ વદે જગ નામનારે ૭

શ્રી મલ્લીજિન સ્તવન.

મેઘ અંધારીરે રાતડીને ઘોડલા બે અસવાર—એ દેશી

મથુલા નયરીરે અવતરીયા ને કુંભ નરેસર નંદ;
લંછન સોહેરે કળશ વણું ને નીલ વરણ સુખકંદ. ૧
મલ્લી જીનેશ્વરરે મન વસીયાને ઓગણીસમો અરિહંત;
કપટ ધરમનારે અનુભવથી પ્રભુ કુમરી રૂપ ધરંત. ૨
સહસ પંચાવનરે વરસ સુણીને આયુ તણો પરિમાણ;
માત પ્રભાવતીરે ઉદરે ધર્યા પચ્ચીસ ધનુષ તનુમાન ૩
સહસ પંચાવનરે સાધવીઓને મુની ચાલીસ હજાર;
સમેતસીખરેરે મુગતે ગયાને જાણુ જીવન આધાર. ૪

અટ ભવ ટાળીરે આપણને જેણે બાંધી અવિહડ પ્રીત;
રામવિજયનારે સાહિબની છે અવિચલ એહીજ રીત. ૫

શ્રી મુનિસુવ્રતજિન સ્તવન.

હરની હમચારે—એ દેશી.

આવો આવોને સખી હેહરે જઇયે પ્રભુ દરિસણ કરીને નીરમલ થઇયે.
ગાઓ ગાવોરે હરખ અપાર જીન ગુણ ગરબોરે, તુમે પેહેરો સોલ શણગાર જિ.
મારે લાખેણી એ વાર, દોહિલો માનવ અવતાર. જિ. ૧
પદ્માદેવીનો નંદન નીકો છે પ્રભુ રાય સુમીત્ર કુલ ટીકો છે.
નમો નમોરે એહ જગનાથ, જિ.
ઉગટ શી કરવી વાત, કુડી લાગે છે નેહની લાત. જિ. ૨
કછપ લંછન પ્રભુ પાય છે, જીન વીસ ધનુષની કાય છે;
ત્રીસ સહસ વરસનું આય, મારે હઇડે હરખ ન માય;જિ.
એહની સેવાથી શીવસુખ થાય, મારે દુખડાં દુરે જાય. ૩
પ્રભુ શ્યામ વરણ વિરાજે છે, મુખડું દેખી ચાંદ લાજેછે;
એહને મોહી હરીની નાર, તે કરે ગુણગાન સાર, જિ.
પ્રભુ નયણ તણે મટકાર, તેહથી લાગો પ્રેમ અપાર. જિ. ૪
પ્રભુ હૃદયકમળનો વાસી છે, શીવરમણી જેહની દાસીછે;
હું તેહ તણો છું દાસ, મારે પુરે મનડાની આશ; જિ.
પ્રભુ અવિચળ લીલ વિલાસ, રામવિજય કહે ઉલ્લાસ. ૫

શ્રી નમીજિન સ્તવન.

ફેશીઆને હાટે નજ્યે લાલ લાલ કસુંબો બાંજે છે—એ દેશી.

વિજય નરેશ્વર નંદન લાલ વીપ્રાસુત મન મોહે છે,
નીલોપલ લંછ. પાયે લાલ સોવનવાન તનુ સોહેછે. ૧
મીથુલા નયરનો વાસી લાલ શૌરીપુરનો મેવાસી છે,
મુની વીશસહસ્ત્ર જન પાસેલાલ તેજકશો સુવિલાસીછે. ૨
પ્રભુ પનર ધનુષ પરીમાણે લાલ જગમાં કીરત વ્યાપીછે;
પ્રભુ છત્રસ્થ નેવાણે લાલ સુમતિલતા જિને વ્યાપીછે. ૪
નમીનાથનમો ગુણખાણીલાલ અખસેરતી અવિનાશીછે,
તેણે વાત સકલ એ જાણી લાલ જેહને આશા દાશીછે; ૫
શ્રી સુમતીવિજે ગુરૂનામે લાલ અવિચલ રીતી લાધીછે.

શ્રી નેમનાથજિન સ્તવન.

તુમે તમારા ગુરૂડાના ગુણ માનો કેના—એ દેશી.

રાજુલ કહે પીઉ નેમજી ગુણ માનોજો કેના;
કીમ છોડી ચાલ્યા નીરધાર હે ગુણ જાણો છો કેના;
પુરૂષ અનંતે ભોગવી ગુ. પીઉરશું મોટા તેણુ નાર. હે ગુ. ૧
કોડી ગમે જેહને ચાહે ગુ. રખો તે નારીથી રંગ. હે.
પણ જગ ઉખાણો કહ્યો ગુ. હોવે સરીસા સરીખો સંગ. હે.
હું ગુણવંતી ગોરડી ગુ. તે નીગુણ નહે ભરથાર. હે.
હું સેવક છું રાવથી ગુ. તે સાધુ ન ભેવે લગાર. હે. ૩
જગમાં તે ગુણ આગલો ગુ. જેણે વશ કીધા ભરતાર. હે.

ન વૈરાગે વાલીયો ગુ. લીએ રાજુલ સંયમ ભાર. હે. ૪
પ્રીઉ નાને મળવા ભણી ગુ. પીઉ પહેલી તે જાય; હે.
બંધ લહી તે નાગીનો ગુ. રહી અનુભવસુ લય લાય. હે. ૫
સમુદ્રવિજે કુલ ચંદલો ગુ. સીવાદેવી માત મલ્હાર, હે.
વરસ સહસ એક આઉખું ગુ. સોરીપૂર સીણગાર. હે. ૬
દેહ ધનુષ દસ દીપતી ગુ. પ્રભુ બ્રહ્મચારી ભગવાન; હે.
રાજુલવર મને વાલહો ગુ. રામવિજય જયવંત. હે. ૭

શ્રી પાર્શ્વજિન સ્તવન.

પાટણના ગીતની દેશી છે.

સેવો ભવિજન જીન ત્રેવીસમો લંછન નાગ વિખ્યાત;
જળધર સુંદર પ્રભુજીની દેહડી, વામારાણીનો જાત. ૧
ચઉદિસે ઘોર ઘટા બનરુ મહયો કમઠે દસ્યો જળધાર.
મુસળધારે જલ વરસે ઘણું જળ થલ ન લહું જી પાર. ૨
વડ હેઠળ વાલો કાઉસગ રહ્યો મેરૂ તણી પરે ધીર;
ધ્યાન તણી ધારા વાધે તીહાં ચડીયા ઉંચા જી નીર ૩
અવધ મેં ભાલીયો પ્રભુજી માહરો, પામ્યા કેવળનાણ;
સમોવસરણ સુરકોડ મલ્યાં તીહાં, વાગ્યાં જીતનીશાન ૪
નવ કર ઉંચપણે પ્રભુ શોભતા, અશ્વસેન રાયનો નંદ;
નગર પહેતા પુરણ પાસજી, દીઠે હોવે આણંદ. ૫
એકસત વરસનું આઉખુ ભોગવી, પામ્યા અવિચળ રિદ્ધ;
સુમતિવિજે ગુરૂ નામથી, રામ લહે વર સિદ્ધ. ૬

શ્રી માહાવિરજિન સ્તવન.

મરખી પુછેરે મારા મરવડારે—એ દેશી.

શ્રીપ્રભુ નમી જીનરાજનારે, માગુ એક પસાય.
મારા લાખેણા સ્વામીરે પ્રુન વિનવુ રે;
એહેર કરો મારા નાથજીરે, દાસ ધરો દીલમાંહે. મા.૧
પતીત ઘણા તે ઉધર્યારે, બીરૂદ ગરીબનિવાજ: મા.
એક મુજને વિચારતાંરે, સેં નાવે પ્રભુ લાજ. મા. ૨
ઉત્તમ જીન મન ધારીયોરે, નવી ભાવે ઠામ કુઠામ. મા.
પ્રભુ સુનજર કરજ્યા થકીરે, સીઝીયે અવિચળ કામ;મા.૩
સુત સીદ્ધારથ રાયનોરે, ત્રીસલા નંદન વીર, મા.
વરસ બહોતેર આઉખુરે કંચન વાન શરીર. મા. ૪
મુખ દેખી પ્રભુ તાહરૂરે પામ્યો પરમાણંદ; મા.
હદય કમલના હંસલોરે, મુનીજન કૈરવ ચંદ. મા. ૫
તુ સમરથ શીર નાહલોરે, તો વાધે જસ પુર; મા.
જીત નીશાનના નાદથીરે, નાઠા દુશમન દુર. મા. ૬
શ્રી સુમતિ સુગુરૂ પદ સેવનારે, કલ્પતરૂની છાંહ; મા.
રામ પ્રભુ જીન વીરજીરે, છે આલંબન બાંહ. મા. ૭

કળશ.

એમ ભુવન ભાસન દુરિત કાસન વિમલ સાસન જગજયો, ભવી ભીત સુરણ આશાપુરણ સુગતિકારણ શંકરો. ૧ મેં થુણીયા ગમતે વિવિધ જુગતે, નગર મહિરાણે રહી; શ્રી સુમતિવિજય ગુરૂ ચરણ સાનિધ રામવિજય જયસિરિ લહી. ૨ ઇતિ રામવિજયજીકૃત ચોવિશી સંપુર્ણ.

દોહરો.

જ્ઞાન સમો કો ધન નહી, સમતા સ. . નહી સુખ;
જીવીત સમ આશા નહી, લોભ સમ. ન નહી દુઃખ. ૧

ભજન.

મ્હોત તારે માથે ભમેરે. હો જીવ જોને.
મોટા મોટા ઠકરાજા, ખટ ખંડ કરે આજા;
મશાણમાં તે સમાજારે. હો જીવ. ૧
છત્રે જેની છાંય થાતી, કાયા જેની રાતી માતી;
સુખી સેજમાં તે સમાતીરે. હો જીવ. ૨
આભુષણો અંગ પહેરી, વાંકી મુછે ફર્યા લેહેરી.
કાળ કુડ લાગ્યો ઝેરીરે. હો જીવ. ૩
ચપટીમાં ચાલ્યા ગયા, નાના મોટા રંક રાયા.
ફુંકી નાંખી તેની કાયારે. હો જીવ. ૪
હાથ તારે હીરો આવ્યો, કાચ જાણી તે ગુમાવ્યો;
મુરખો ન કાંઇ ફાવ્યોરે. હો જીવ. ૫
અહંકાર મેલી દેને, પાછું વાળી જરા જોને;
સંત સમાગમ લેનેરે. હો જીવ. ૬

કાયા અને જીવનો સંવાદ.

એનેતો મેનાવું તનરે પામર પ્રાણી.
કાયા જીવને કહેછે એમ માણપણી.

આડતો મરાડમાં મારૂં, ફરી ન ફરો ફુંકારા;
આજતો રીસાણું પ્યારૂરે. એ પ્રાણપતી. ૧
બેળા બેશીને જમાડું, બાગ બગીચાને વાડી;
ફેરવી બેસાડી ગાડીરે. એ પ્રાણપતી. ૨
અનાર ફુલેલ ચોળી, કેસર કસુંબા ઢોળી;
ખેલ્યા રંગ રસ હોળીરે. એ પ્રાણપતી. ૩
શણગાર તો સજાવી, આભુષણોને પેરાવી;
મોજ મુજને કરાવીરે. એ પ્રાણપતી. ૪
રોજતો હસીને રહેતા, પાણી સાટે દુધ દેતા;
આજ મોન ધારી બેઠારે. એ પ્રાણપતી. ૫
સજ્જનની એવી રીતી, જેની સાથે કરે પ્રીતી;
જગડું ન મુકે રીતીરે. એ પ્રાણપતી ૬
કહું છું હું હાલાવાલા, મુજને ન મુકો વહાલા,
સાથે રાખોને છોગાળારે. એ પ્રાણપતી. ૭

શંકર નંદન વંદન—એ રાગ.

સંભવ જીનવર અરજ સ્વિકારો મુજ,
સાવથી નયરી પતી દોષાદિકો દુર કરી;
સમેતશિખર જઈ સિદ્ધી વર્યા તુમે. સંભવ.
તારક પ્રભુજી નામ ધરાવો, તો મુજને કરો ઉધારી;
વિઘન હમારાં દુર નિવારી, થાવ મુંને દયાળ ઉપગાર.
સેવક શિક્ષા પુરણ કરો હવે;
આદિવિજય શંખેશ માગે છે શિવ સુખ. સંભવ.

છંદો.

ચાણી મારું મારું તું શું કરેછે, તલભાર નથી તુજનું જ
કાંઈ જીવડા, ભજી લેને મહાવીરના નામને
નેહી મહોટા આ સંસાર તુજ જીવડા
ચોપાઈ.

સદ્ગુરુ ખટપટ છાંડીને, રત થજે શ્રી જીનરાજ,
જીમ નામ જપવા થકી, તારું સૌ સુધરશે આજ ખરે
નથી

સાખી.

સુંદર હે જીનરાજજી, કરો કરુણા જગનાથ;
સત્ આનંદ મંડળી મનથકી, વંદે છે વારંવાર. તે. પ્ર.

ઉછરતી વયના સુધરેલાવિષે ચાબખો.

સાંભળો સુધરેલ છેલ છબીલા, યથાક્રમ ધર્મ કરવા ઢીલા;
ભૂલ કરો કુર કરો, ઢાળી પાણી કરાવો ગીલા;
ઉંટની પેરે ઉછળતા કુદો, પહેરો બુટ જડાવી ખીલા. ૨
ચોપડી વાંચતા સુખ થાશે, નવી જોડો ધરમના ચીલા;
ત્યાગ વૈરાગ્યની વાત ન જાણો, તમેવચન બોલોબોલોઅવળા;
મનમોજીને અતિ મીજાજી, ઝોકો લાલ રંગીલા;
માત પીતાને માનો નહી, હજી રખડો ફીલાને ફીલા. ૩
અણબોલા આછકલા તમેતો, હિંસામાંહી લોપશીલા;
ચોવટ્યા બહુ ભાળી પડે, તોહી થતા નથી ઢીલા. ૪

ભણ્યાં ઘણું પણ મરીયાં નહીં, નવી હું ગુરૂ દીધેલ શીક્ષા.
નકરારીને તંતીલા થયા, વળી વિશેષ વાદીલા. ૫
સદ્ગુણની શેરી નવી શોધી, હૃદય કઠણ જેમ શિલા;
ધરાજી કહે છે જન્મ વિકરાળા, ઓછક્યે તે ઓછા. ૬

મનક મુનિની સઝાય.

નમો નમો મનક મહામુનિ, બાળપણે વ્રત લીધોરે;
પ્રેમે પીતાજીરે પરઠીયો, માયશું મોહ ન કીધોરે;
નમો નમો મનક મહા મુનિ. ૧
પૂરવ ચઉદ પુરવ ધણી, સિજ્જંભવ જસ તાતોરે;
ચોથા પટોધર વીરનો, મહીયલ માંહી વિખ્યાતોરે. ૨
સિજ્જંભવ ગણધરે, ઉદેશી નિજ પુત્રોરે;
સયળ સિદ્ધાંતથી ઉદ્ધરી, દશ વૈકાળીક સુત્રોરે. નમો. ૩
માસ છએ પુરણ ભણ્યો, દસ અધ્યયન રસાળોરે;
આળસ અંગથી પરહરી, ધન ધન એ મુની બાળોરે. ૪
ચારિત્ર ખટ માસ પાળતા, પાળી પુન્ય પવિત્રોરે;
સ્વર્ગ સમાધે સુધાવીયો, કરી જગજનને મિત્રોરે. નમો. ૫
પુત્ર મરણ પામ્યા પછી, સિજ્જંભવ ગણધારોરે;
બહુ ચિત્ત દુઃખ મનમાં ધરે, તેમ નયણે જળધારોરે. ૬
પ્રભૂ તુમે બહુ પ્રતિબોધીયાં, સંમ સંવેગીયા સાધરે;
અમે આંસુ નવી દીઠાં, તુમે નયણે નિરંબાધરે. નમો. ૭
અમને એ મુનિ મનકસો, સુત સંબંધી જાણીયોરે;

વિભૂતિ અર્થ કર્યાં થકાં, પણ કેણે નવી કળીયોરે, નમો. ૮
શું કહીયેર સંભારીને, એ એહવી સ્થિતી દીસેરે;
નવ દીઠું મન ઉલસે, જોતાં વિખરૂં દિસેરે. નમો ૯
અનિત્ય ઠઠ બાવિધણું તુમે, મ કરો મોહ વિકારોરે,
તો તુમે મનકતણી પેરે, પામો સદ્ગતિ સારોરે. નમો. ૧૦

નંદીષેણ મુનીનું ઢાળીયું.

રાજગ્રહી નગરીનો વાસી, શ્રેણિક સુત સુવિલાસી હો;
મુનિવર વૈરાગી
નંદિષેણ દેશના સુણી ભીનો, ના ના કહેતાં વ્રતલીનો હો.૧
ચારિત્ર નીરથ ચોખું પાળે, સંયમ રમણીસુ મ્હાલે હો;
એકદિન જીન પાયેલાગી, ગોચરીની અનુમતિ માગી હો.૨
પાંગરિયા મુની વહોરવા, ક્ષુધા વેદની કર્મ હરેવા હો;
ઉંચ નિચ મધ્યમ કુળમોટા, અટતો સંયમરસ લોટા હો ૩
એક ઉંચું ધવળ ઘર દેખી, મુનિવર પેઠા શુદ્ધ ગવેખી હો;
તીહાં જઈ દીધો ધર્મલાભ, વેશ્યા કહે ઇહાં અર્થલાભ હો.૪
મુનિ મન અભીમાન આણી, ખંડ કરીનાંખ્યો તરણું તાણ્યું હો,
સોવન વૃષ્ટિ હુઇ બાર કોડી, વેશ્યાવનિતા કહે કરજોડી હો.૫

પાંચ ઇંદ્રિયોની સજ્ઝાય.

કાયાપુરી જાણો પાંજરા, તેમાં પાંચ ભુજંગમો વાસ;
તેહને ખમા ખોટ થકું, કરે ગતિથી વિનાશ,

હે સુરજ્ઞો, ન મિલે ઇંદ્રિય બિચાડી. ૧
જ્યોતિ તે દીવો ઝળહળે, આંહી બળે કુહાંને પતંગ;
ચક્ષુતણો રસ લોલપી, બળે દીવા ઉપર આંગ. હે સુ. ૨
વાંઝુ વજાવે વનમાં પારધી, જેની સુરતા વીણાઓમાં જાય;
શ્રોતતણો રસ લોલપી, મૃગનું બાણે શરીર વીંધાય. હે સુ. ૩
જળમાં મહાલે રહી માછલી, તેની સુરતા તે લોટમાં જાય;
રસનાતણો રસ લોલપી, તેનું ગળુ કાંટે વીંધાય હે સુ. ૪
સાંજ પડે ને રવી આથમે, ભમરો જઇ બેઠા કમળને છોડ;
નાસિકા તણો રસ લોલપી, મજે લીધા કમળને તોડ. હે સુ. ૫
અધગળ માતો મદ ઝરે તેની સુરતા હાથણીમાં જાય;
કામતણો રસ લોલપી, પડે અજાડી માંય. હે સુ. ૬
એક ઇંદ્રિ જેની વશ નહી, તેહના એહ હવાલ;
પાંચ ઇંદ્રિયો જેને વશ નહી, તેહનાકુવણ હવાલ. હે સુ. ૭
પાંચ ઇંદ્રિયો જેણે વશ કરી, જાણી અથીર સંસાર;
તે પ્રાણી કર્મ ખપાયને, પહોંચ્યા કાંઇ મોક્ષ મોઝાર. હે સુ. ૮


આત્મહિત સઝાય.

વાલમ વહેલા રે આવજો—એ દેશી.

મારૂં મારૂં મ કર જીવ તું, જગમાં નહી તારૂં કોયરે;
આપ સ્વારથે સહુ મળ્યા, હૃદય વિચારીને જોયરે. મા. ૧
દિન દિન આયુ ઘટે તાહરૂં, જીમ જળ અંજળી હોયરે;
ધર્મ વેળા નાવે ઢુંકડો, કવણ ગતી તારી હોયરે. મા. ૨

રંભાજીપુર: રંગે રાચે રંભે, સંધ્યા લીપી જાણ્યા ખાંધરે;
તન ધન જોબન થીર નહીં, જૂઠભવ નાવે જુમ સાથરે. ૩
એક મેર ધવળમંગળ હુવે, એક મેર રૂવે બાહુ નારરે,
એક રામા રૂપે કંચનુ, એક ભોરી સકળ શણગારરે. મા ૪
એકઠ મેર બાહુ મળી બેસતાં, નીત નીત કરતાં વિલાસરે;
તેને સાજનીઆ છોડી ગયા, થીર ન રહ્યા એક વાસરે. ૫
એહવું સ્વરૂપ સંસારનું, ચેત ચેત જીવ ગમારરે;
ક્યા દુર્લભ દોહીલો, પામવો મનુષ્ય અવતારરે ૬
કુંવરવિજય કહે એહવું, જે ભજે જીનપદ રંગરે;
તે નર નારી શીવ વરે, મુક્તિવધુ કેરા સંગરે. મારૂં ૭

સમાપ્ત.



અગાઉથી આશ્રય આપનાર ગ્રાહકોના મુબારક નામ.

અમદાવાદ.

૨૫ શેઠ અમરતલાલ વાડીલાલ
૧૫ શેઠ લાલભાઈ ત્રીકમલાલ
૭૧ શા. ગોકળદાસ નગીનદાસ
૫૧ શેઠ વાડીલાલ જેઠાભાઈ
૨૫ શા સાંકળચંદ નગીનદાસ
૨૫ શા લલુભાઈ નગીનદાસ
૨૫ શા ચુનીલાલ નગીનદાસ
૨૫ ઝવેરી મણીલાલ છગનલાલ
૨૦ શા મગનલાલ મોતીચંદ
૧૫ શા છગનલાલ ગગલદાસ
૧૫ ઝવેરી ચમનલાલ ચુનીલાલ
૧૫ શા [illegible]લાલ [illegible]દાસ
૧૫ શા અમૃતલાલ ગોવિંદજી
૧૧ શા. જમનાદાસ હરખચંદ
૧૧ સોભાગ્યવંતી બાઈ ડાહી શા
મંગળદાસ હેમચંદની ઓરત.
૧૦ ઝવેરી [illegible]ભાઈ [illegible]ભાઈ
૧૦ ભીખાભાઈ રતનચંદ શાહ
૧૦ શા હરીલાલ નગીનદાસ
૧૦ શાહ ખાતે
૧૦ શા ચુનીલાલ સાંકળચંદ
૧૦ શા. મોહોનલાલ વરધમાનદાસ
૧૦ શાહ ખાતે હા. ગુલાબચંદ
૧૦ શા મોહોનલાલ પુરશોતમદાસ
૮ ગુલાબચંદ નગીનદાસ
૮ શા ડાહ્યાભાઈ જેચંદ
૮ શા મોહોકમચંદ ખુશાલચંદ
૮ શા બલાખીદાસ વેણીચંદ
૮ શા વાડીલાલ દેવચંદ
૫ શા. નથાભાઈ લલુભાઈ
૫ શા. ભોગીલાલ વાડીલાલ
૫ શા જેઠાભાઈ લલુભાઈ
૫ શા ડાહ્યાભાઈ ભગુભાઈ
૫ શા દલસુખરામ માનચંદ
૫ જીવા મામા
૫ શા હરીસંગ દલસુખરામ
૫ ડાકટર સકરાભાઈ હીરાચંદ
૫ શા. હીરાચંદ નાનચંદ
૫ શા. નાથાભાઈ મોતીચંદ
૫ શા ડાહ્યાભાઈ પુંજાભાઈ
૫ શાહ ખાતે
૫ શાહ ખાતે
૫ શા વાડીલાલ ઉમેદચંદ
૫ માસ્તર બાલાભાઈ ચુનીલાલ
૫ શા અમરતલાલ ઘેલાભાઈ

સાણંદવાળા

૫ શા મોતીલાલ રતનચંદ
૫ શા પ્રેમાભાઈ કુંવરજી
૫ શા. મંગળદાસ હેમચંદ.

૫ શા હીરાચંદ જમનાલાલ
૫ શા જેશંગભાઈ છોટાલાલ
૫ શા કેશવલાલ જમનાલાલની
પત્ની
૫ શા કેશવલાલ ખેમચંદ
૫ શા વાડીલાલ મગનલાલ
૫ શા લલુભાઈ મનોરદાસ
૫ શા મોતીલાલ જમનાદાસ
૫ શા મંગળદાસ ગટાભાઈ
૫ શા વાડીલાલ અમુલખભાઈ
૫ શા મગનલાલ લલુભાઈ
૫ શા જેચંદભાઈ કાલીદાસ
૫ શા પ્રેમચંદ ઉમેદચંદ
૫ શા કચરાભાઈ રાયચંદ
૫ શા લાલભાઈ જોઇતારામ
૫ શા ચંદુલાલ મોહોલાલ
૫ શા લખમીચંદ નાહાનચંદ
૫ શા ભોળાભાઈ નેમચંદ
૫ શા ભીખાભાઈ નાહાલચંદ
૫ શા ચુનીલાલ દોલતરામ
૪ શા મોહનલાલ રતનચંદ
૩ શા સારાભાઈ લલુભાઈ
૩ શા પ્રેમચંદ હઠીસંગ
૨ શા ચુનીલાલ વાડીલાલ
૨ શા માનચંદ અભેચંદ
૨ શા માહાસુખ છગનલાલ
૨ શા પોપટલાલ બાલાભાઈ
૨ શા દીપચંદ જેશંગભાઈ

૨ શા મનસુખરામ ખેમચંદ
૨ શા રતીલાલ જેશંગભાઈ
૨ શા નેમચંદ પોપટલાલ
૨ ઝવેરી જેશંગભાઈ બાપાલાલ
૨ શા ભોગીલાલ જેશંગભાઈ
૨ પારેખ રતીલાલ સાંકળચંદ
૨ શા હાલાભાઈ હરગોવનદાસ
૨ શા રતીલાલ ભીખાભાઈ
૨ શા રતીલાલ ધુરાભાઈ
૨ શા કેશવલાલ તારાચંદ
૨ શા જગાભાઈ બાપાલાલ
૨ શા રતીલાલ ડાહ્યાભાઈ
૨ શા સારાભાઈ ચુનીલાલ
૨ દેસાઈ ભોગીલાલ ઠાકરશી
૨ શા કેશવલાલ હઠીસંગ
૨ શા લાલભાઈ જેશંગભાઈ
૨ શા કાંતીલાલ ચીમનલાલ
૨ શા પ્રેમચંદ દલપતભાઈ
૨ શા મણીલાલ ઘેલાભાઈ
૨ શા ચતુરદાસ લલુભાઈ
૨ શા નેમચંદ સુરચંદ
૨ શા મગનલાલ સાંકળચંદ
૨ શા કેસરલાલ ચીમનલાલ
૨ શા ચમનલાલ બુલાખીદાસ
૨ શા મોતીલાલ મોહોલાલ
૨ શા ચુનીલાલ મોતીચંદ
૨ શા ભખાભાઈ કાળીદાસ
૨ શા ચીમનલાલ રતનચંદ

૨ શા કેશવલાલ ચુનીલાલ
૨ શા હરીભાઈ કચરાભાઈ
૨ શા બાલાભાઈ દલસુખરામ
૨ શા બાલાભાઈ સાંકળચંદ
૨ શા મણીલાલ ધરમચંદ
૧ શા ચમનલાલ હઠીસંગ
૧ શા છોટાલાલ મગનલાલ
૧ શા સાકરચંદ લલુભાઈ
૧ શા કેશવલાલ ખેમચંદ
૧ શા મણીલાલ પુંજાભાઈ
૧ શા ભગુભાઈ દલસુખરામ
૧ શા છોટાલાલ સાકરચંદ
૧ પરીખ મોતીલાલ મગનલાલ
૧ માસ્તર ચીમનલાલ ફુલચંદ
૧ જવરાજ મોહનલાલ
૧ નાથાભાઈ નગીનદાસ
૧ કેશરીસંગ દોલતરામ
૧ ભોગીલાલ ધનાચંદ
૧ શકરચંદ લખમીચંદ
૧ ભોગીલાલ જેશંગભાઈ
૧ ચંદુલાલ શકરચંદ
૧ શકરચંદ કચરાભાઈ
૧ ખેપટલાલ તારાચંદ
૧ મણીલાલ ચંદુભાઈ
૧ ધનાભાઈ બાલાભાઈ
૧ ચુનીલાલ શકરચંદ
૧ ચીમનલાલ ચુનીલાલ
૧ છોટાલાલ જેશંગભાઈ

૧ અમીચંદ ખીમચંદ
૧ જ્ઞાનચંદ પ્રેમચંદ
૧ કચરાભાઈ ભગવીદાસ
૧ મણીલાલ છોટાલાલ
૧ ચુનીલાલ હીરાચંદ
૧ લલુભાઈ જેઠાભાઈ
૧ લલુભાઈ નાહાનચંદ
૧ મોતીલાલ નાહાનચંદ
૧ બાપુલાલ દીપચંદ
૧ બાલાભાઈ બેચરભાઈ
૧ આતમારામ પુરસોતમ
૧ શંકરચંદ ફતેચંદ
૧ ધનાભાઈ હઠીસંગ
૧૦ ચમનલાલ નાનચંદ
૧ અંબાલાલ હેમચંદ
૧ ડાહ્યાભાઈ છોટાભાઈ

રાધનપુર

૫૦ શા મોતીલાલ સોભાગચંદ
૪૦ સંઘવી ઉજમ મંછુ
૫ માધાણી હીરાલાલ નીહાલચંદ
૫ પરી છોટમલાલ બાલચંદ

ઉમતા.

૩૨ શાહ ખાતે

મુંબઈ.

૫ શા કેશવલાલ ઘેલાભાઈ

રાસમ.

૨ મહેતા મફતલાલ મગનલાલ
૨ મહેતા મણીલાલ વેલસીભાઈ

આરેજ.
૨ શા કેહાભાઈ વાલજી
પેથાપુર.
૨ મહેતા ફુલચંદ હસુખરામ
૧ મહેતા સોમચંદ મોતીલાલ
પેઢા.
૧ શા સોમચંદ ઉમેદરામ
૧ શા સોમચંદ પાનાચંદ
૧ શા મોતીલાલ ફુલચંદ
૧ શા ડાહ્યાભાઈ આશારામ
૧ શા શકરચંદ ઝુમખરામ
૧ શા મનસુખરામ મગનલાલ
૧ શા મણીલાલ ભીખાભાઈ
૧ શા નગીનદાસ સુરચંદ
ગેરીતાવી.
૨ શા છોટાલાલ મગનલાલ
સાણંદ.
૧ શા ઉજમશી જેઠાભાઈ
વડનગર.
૫૦ શા ઉત્તમરામ ભાયચંદ
જેઠાભાઈ જૈનસંસ્કૃતપાઠશાળા
૭૫ શા વીરચંદ પ્રેમચંદ
૧૦ શા હરજીવન જેઠાભાઈ
૧૧ શા વરધમાન બેચરદાસ
૧૫ શા દોલતરામ હીરાચંદ
૧૦ શા ચુનીલાલ છગનલાલ
૧૦ શા ડુંગરશીભાઈ સાંકલચંદ
૫ શા હરગોવનદાસ હાથીભાઈ
૫ શા મોહનલાલ હાથીભાઈ
૫ શા ગીરધરભાઈ હાથીભાઈ
૫ શા નરોતમ લખમીચંદ
૫ શા મુલચંદ દેવચંદ
૫ શા છગનલાલ દેવચંદ
૫ શા જેઠારામ મયાચંદ
૫ શા છગનલાલ વખતચંદ
૫ શા જેચંદભાઈ છગનલાલ
૫ શા સાંકલચંદ લલ્લુભાઈ
૫ શા જેચંદ નહાલચંદ
૫ શા ઘેલાભાઈ દેવચંદ
૫ શા લાલાભાઈ દેવચંદ
૫ શા લીલાચંદ ડુંગરશી
૫ શા ગોકળદાસ મગનલાલ
૫ શા લીલાચંદ દેવચંદ
૫ ઝવેરી ડાહ્યાભાઈ ઝુમખરામ
૫ શા હકમચંદ હાથીભાઈ
૫ શા રવચંદભાઈ પ્રેમચંદ
૫ શા વરધમાનભાઈ કસ્તુરચંદ
રીદરોલ.
૧૫ શેઠ રીખભદાસ કાળીદાસ
૧૦ શા કચરાભાઈ વજેચંદ
૫ બબાભાઈ ગુલાબચંદ
૫ શા મયાચંદ હરચંદ
પાટણ.
૫ શા બાપાલાલ રતનચંદ
ગોવા.
૫ શા રતનચંદ ગોકળદાસ

શ્રી જ્ઞાન પ્રકાશ

જૈન ગાયન સંગ્રહ.

ભાગ ૧ લો.

મળવાનાં ઠેકાણાં.

શા. મોહનલાલ માણસુખરામ

ઠે. લહેની ખડકી-પાંજરાના પોળ સામે.

શ્રી ભાવવિજયજી જૈન સભામાં

શા. નેમચંદ ભલજીભાઈ

શા. ચમનલાલ મોહકમચંદ

ઠે. પાંચાની પોળ.

શા. જમનાદાસ હરખચંદ

ઠે. ઝવેરી બજાર સામે દુકાને.

મુ. અમદાબાદ.

કીંમત રૂ. ૦—૬—૬ પોસ્ટેજ જુદું.

નોટપેડ પત્ર લેવામાં આવશે નહીં.